# B. K. MERCANTILE BANK LAW COLLEGE, PALANPUR

## Handouts

## Subject: -Environmental Law

---

- **પ્રસ્તાવના :-**

60ના દાયકાથી સમગ્ર વિશ્વમાં પર્યાવરણ સુરક્ષા અંગે ચિંતા શરૂ થઈ છે. પ્રદૂષણ, પશુ અને વન્ય તેમજ દરિયાઈ સૃષ્ટિનો થઈ રહેલ નાશ, જોખમી રસાયણોનો ઉપયોગ, તેનાથી થતા અકસ્માતો, જમીનની ઘટતી જતી ફળદ્રુપતા, પીવા લાયક પાણીનો અભાવ અને જીવન રક્ષક પ્રથા (Life saving system) સામે વધતો જતો ખતરો તમામ દેશોની ચિંતાનો વિષય બન્યો છે. યુનોએ માનવ પર્યાવરણ (Human environment) વિષય પર સ્ટોકહોમ ખાતે 1972માં એક પરિષદનું આયોજન કર્યું હતું. ભારતે તેમાં ભાગ લીધો હતો અને પર્યાવરણ સુરક્ષાની ચિંતામાં પોતાની ભાગીદારી નોંધાવી હતી. આ પરિષદ પહેલાં અને ત્યારપછી પણ પર્યાવરણ સુરક્ષા માટે કેટલાંક પગલાં લેવાયાં છે.

- **પર્યાવરણ શું છે ?(What is Environment?)**

'પર્યાવરણ' શબ્દના અર્થ બાબત સામાન્ય માનવીના મનમાં ગૂંચવાડો છે. કેટલાકના મતે પર્યાવરણ એટલે જંગલો અને વૃક્ષો, કેટલાકના મતે હવા અને પાણી અને કેટલાકના મતે સૂર્યમંડળના ઓઝોનમાં પડેલ ગાબડું. કેટલાકના મતે અણુધડાકાઓ તેમજ બંધો બાંધવાથી પર્યાવરણને હાનિ થાય છે. તેના વિશાળ અર્થમાં પર્યાવરણ એટલે આપણી આજુબાજુની દરેક ચીજવસ્તુ, કે જે આપણી રહેણીકરણી, આપણા આરોગ્ય અને અસ્તિત્વ પર પ્રત્યક્ષ કે પરોક્ષ, ટૂંકા ગાળાની કે લાંબા ગાળાની અસર ઉપજાવે છે.

The Environment Protection Act, 1986ની કલમ-2 (9) માં વ્યાખ્યા અપાયા મુજબ "પર્યાવરણમાં પાણી, હવા અને જમીન, માનવો, અન્ય જીવંત પ્રાણીઓ, વનસ્પતિઓ તેમજ અત્યંત સૂક્ષ્મ જીવસૃષ્ટિ અને મિલકત વચ્ચે અસ્તિત્વ ધરાવતા આંતરસંબંધનો સમાવેશ થાય છે." એક વ્યાખ્યા પ્રમાણે "પર્યાવરણ એટલે તમામ પ્રાણીઓના વિકાસ અને જીવન પર પ્રભાવ પડતી તમામ શરતો અને અસરોનો સમૂહ."

- **આંતરાષ્ટ્રીય ક્ષેત્રે પર્યાવરણ કાયદાનો વિકાસ:-**

1971માં સમુદ્રના પ્રદૂષણની બાબતમાં એક સંધિ થયેલી હતી. આ સંધિથી સમુદ્રના તળિયાના શાંતિમય ઉપયોગ પર ભાર મૂકી દરિયા કિનારાથી બાર માઈલના વિસ્તારોમાં અણુશસ્ત્રો કે અન્ય શસ્ત્રો મૂકવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. 1969ના બ્રસેલ્સ સંમેલનમાં તેલથી થતાં પ્રદૂષણના નિવારણ માટે જોગવાઈ કરવામાં આવી હતી. યુનોની મહાસભાએ 17 ડિસેમ્બર, 1970ના રોજ ઠરાવ કરીને તમામ દેશોને પ્રદૂષણ રોકવાની, જીવસૃષ્ટિમાં સમતુલન જાળવી રાખવાની તથા સમુદ્ર અને વનસ્પતિ સૃષ્ટિનું થતું નુકસાન રોકવાની અપીલ કરવામાં આવી. તેના પરિણામે 1982માં Law of the Sea અંગેનું સંમેલન યોજાયું હતું.

**-સ્ટોકહોમ જાહેરનામું :**

માનવ પર્યાવરણ અંગે 1972માં 112 દેશોની મળેલી આંતરરાષ્ટ્રીય પરિષદના અંતે સ્ટોકહોમ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું. તેમાં માનવ જીવન અને પર્યાવરણને સમગ્ર રીતે આવરી લેતાં 26 સિદ્ધાંતો પ્રગટ કરાયા છે. તે પૈકી નીચેના સિદ્ધાંતો અગત્યના છે

(1) દરેક માનવને ગુણવત્તાવાળા પર્યાવરણ-વાતાવરણમાં જીવન વિકાસની પૂરતી તક મેળવવા મૂળભૂત અધિકાર છે. જેનાથી દરેક માનવીનું ગૌરવ અને કલ્યાણ સાધી શકાય, વર્તમાન અને ભવિષ્યની પેઢી માટે પર્યાવરણનો સુધારો થાય.

(2) જે પદાર્થોથી માનવ આરોગ્ય અને દરિયાઈ પ્રાણીસૃષ્ટિને ખતરો પેદા ન થાય તેમજ દરિયામાં કાયદેસર ઉપયોગ કરવામાં દાખલગીરી ન થાય તેવાં તમામ પગલાંઓ દરેક રાજ્ય લેશે.

(3) પાણી, હવા, જમીન વગેરે કુદરતી સાધનોનું, વર્તમાન તેમજ ભવિષ્યની પેઢીઓ માટે યોગ્ય આયોજનથી રક્ષણ થવું જોઈએ.

(4) દરેક રાજ્યને પોતાની પર્યાવરણની નીતિ ઘડવાનો સાર્વભૌમ અધિકાર છે. સાથે સાથે પોતાની હકૂમતમાં થતી પ્રવૃત્તિથી અન્ય રાજ્યના પર્યાવરણને કોઈ નુકસાન ન થાય તે પણ જોવું જોઈએ.

(5) પોતાની હકૂમતમાં થયેલ પ્રવૃત્તિથી અન્ય કોઈ દેશમાં પ્રદૂષણને નુકસાન થયેલ હોય, તો નુકસાન-વળતર અંગેની જવાબદારીનો કાયદો ઘડવામાં રાજ્યો સહકાર આપશે.

- **યુનોની પર્યાવરણ અને વિજ્ઞાન પરિષદનો અહેવાલ (રીઓ ડી જાનેરો તા. 3-14 જૂન, 1992 - એજન્ડા 21)**

રાષ્ટ્રોમાં અને રાષ્ટ્રો વચ્ચે ગરીબી, નિરક્ષરતા અને અનારોગ્યના કારણે અસમાનતાઓ કાયમી બની રહી છે. આપણા સ્વાસ્થ્ય માટે આપણે જેના પર આધાર રાખીએ છીએ, તે પર્યાવરણવિજ્ઞાન (ecosystem) કથળતું જાય છે. પર્યાવરણ તરફ વિશેષ ધ્યાન આપવાથી આપણી મૂળભૂત જરૂરિયાતો પૂર્ણ થશે, જીવનધોરણમાં સુધારો થશે અને ભવિષ્ય વધારે સલામત અને ઉજ્જવળ બનશે. 22 ડિસે.. 1989ના રોજ આ જ વિષય પર યુનો પરિષદ જીનીવા ખાતે યોજાઈ હતી અને તેમાં પર્યાવરણ અને વિકાસના પ્રશ્નોમાં સમતોલ અને અખંડિત અભિગમ જાળવવાનો અનુરોધ કરાયો હતો. એજન્ડા 21માં નિર્દિષ્ટ કરાયેલ ધ્યેયો પૂર્ણ કરવા માટે વિકાસશીલ દેશોને પુષ્કળ નાણાંની જરૂર પડશે.

રીઓ ડી જાનેરો ખાતે 3-14 જૂન, 1992માં યોજાયેલ આ પરિષદની ઘોષણા(Declaration)માં કુલ 27 અનુચ્છેદો (Articles) છે. જેનો ટૂંકસાર આ પ્રમાણે છે.

અનુચ્છેદ 1 થી એમ ઠરાવાયું છે કે વિકાસના કેન્દ્રમાં માનવો છે. તેઓ કુદરતને સુસંગત રહીને આરોગ્યપ્રદ અને ઉત્પાદક જીવન માટે હક્કદાર છે.

અનુ. 2 મુજબ, રાજ્યોને યુનોના ખતપત્ર (Charter) અને આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર પોતાની પર્યાવરણીય તેમજ વિકાસ નીતિ મુજબ પોતાનાં સાધનો વાપરવાનો હક્ક છે, પરંતુ તેની સાથે પોતાના દેશમાં થતી પ્રવૃત્તિઓથી પોતાની હકૂમત બહારનાં અન્ય રાજ્યો કે વિસ્તારોના પર્યાવરણને નુકસાન ન થાય તે જોવાની જવાબદારી પણ છે.

અનુ. 3 જણાવે છે કે વિકાસ એ રીતે થવો જોઈએ કે જેથી વિકાસ અને પર્યાવરણની વર્તમાન તેમજ ભાવિ પેઢીની જરૂરિયાતો પૂર્ણ કરી શકાય.

અનુ. 4 મુજબ પોષણક્ષમ વિકાસ (Sustainable development) સાધવા માટે પર્યાવરણ રક્ષણ વિકાસ પ્રક્રિયાનો ભાગ બનવો જોઈએ અને તેનાથી અલગ રીતે તેનો વિચાર કરી શકાય નહી. પૌષણક્ષમ વિકાસની જરૂરિયાત માટે તમામ રાજ્યોએ ગરીબી નાબુદીમાં સહકાર આપવો જોઈએ કે જેથી જીવનધોરણમાં પ્રવર્તતી અસમાનતાઓ દૂર કરી શકાય અને વિશ્વના મોટા ભાગના લોકોની જરૂરિયાતો પૂર્ણ થઈ શકે.

અનુ. (5) અનુ. 6 જણાવે છે કે ઓછા વિકસિત દેશો અને ખાસ કરીને પર્યાવરણની રીતે નબળા દેશોના વિકાસને અગ્રતા આપવામાં આવશે. પર્યાવરણ અને વિકાસના ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય કાર્યોમાં તમામ દેશોના હિતોનો વિચાર કરવામાં આવશે.

અનુ. 7 મુજબ પૃથ્વી પરના પર્યાવરણ વિજ્ઞાનની જાળવણી અને રક્ષણ માટે તમામ રાજ્યો સહકાર આપશે. પર્યાવરણની જાળવણીમાં તમામ દેશો સમાન તેમજ અલગ રીતે જવાબદાર છે.

વિકસિત દેશોની ખાસ જવાબદારી અનુ. 8 પ્રમાણે, પોષણક્ષમ વિકાસ અને તમામ લોકો માટે જીવનમાં ઉચ્ચ ગુણવત્તા પ્રાપ્ત કરવા માટે. રાજ્યોએ અપોષણક્ષમ (Unsustainable) વિકાસ પ્રવૃત્તિઓ ઘટાડવી અને દૂર કરવી જોઈએ.

અનુ. 9 જણાવે છે કે રાજ્યોએ બીજા રાજ્યો સાથે વૈજ્ઞાનિક અને ટેક્નોલોજી જ્ઞાનનો વિનિમય કરવો જોઈએ અને તેના જ્ઞાનથી વિકાસ, વેગ વધારવો જોઈએ.

પર્યાવરણના મુદ્દાઓમાં નાગરિકોના સહયોગની વાત અનુ. 10માં જણાવાયેલ છે.

અનુ. 11 પ્રમાણે રાષ્ટ્રના દરેક નાગરિકને જોખમકારક પદાર્થો સહિત પર્યાવરણને લગતી તમામ માહિતી અને પ્રવૃત્તિઓ વિશે જાણકારી મેળવવાનો અધિકાર છે. નાગરિકને નિર્ણય પ્રક્રિયામાં પણ ભાગીદાર બનવાની તક મળવી જોઈએ. પર્યાવરણ જાગૃતિ માટે રાજ્યે પ્રયત્નો કરવા જોઈએ અને પર્યાવરણ ભંગ બદલ વહીવટી તેમજ ન્યાયિક ઉપચારની જોગવાઈ પણ થવી જોઈએ.

અનુ. 12 મુજબ રાજ્યોમાં પર્યાવરણ અંગે અસરકારક કાયદો ઘડવો જોઈએ. અનુ. 13 જણાવે છે કે પર્યાવરણ અધઃપતનના પ્રશ્ને રાજ્યોએ એક ખુલ્લી આંતરરાષ્ટ્રીય અર્થવ્યવસ્થા સર્જવામાં સહકાર આપવો જોઈએ. પર્યાવરણ પ્રશ્નો નિવારણ માટે આંતરરાષ્ટ્રીય સમિતિ સાધવાનો પ્રયાસ થવો જોઈએ.

અનુ. 13 પ્રમાણે પર્યાવરણ પ્રદૂષણનો ભોગ બનેલાઓ માટે જવાબદારી અને વળતરની જોગવાઈ કરતો કાયદો થવો જોઈએ.

અનુ. 14 જણાવે છે કે પોતાના રાજ્યમાં પર્યાવરણને હાનિકારક બનેલ કોઈ પ્રવૃત્તિ કોઈ રાજ્યે બીજા રાજ્યમાં તબદીલ (Transfer) કરવી જોઈએ નહીં.

અનુ. 15 પ્રમાણે, પર્યાવરણ રક્ષણ માટે રાજ્યોએ પોતાની શક્તિ અનુસાર સાવચેતી અભિગમ અપનાવવો જોઈએ.

અનુ. 18 અનુસાર પોતાના રાજ્યમાં થયેલ કે થવાની સંભાવનાવાળી કુદરતી આપત્તિ કે તાકીદની પરિસ્થિતિની જાણ અન્ય રાજ્યોને કરવાની ફરજ છે. આંતરરાષ્ટ્રીય સમૂહે અસર પામેલાં રાજ્યોને મદદ કરવી જોઈએ.

અનુ. 19 જણાવે છે કે જે રાજ્યોમાં પર્યાવરણને નુકસાન થવાની સંભાવના હોય, તેમને અગાઉથી જાણ કરવી જોઈએ.

અનુ. 20 જણાવે છે કે પર્યાવરણ વિકાસ અને વ્યવસ્થામાં સ્ત્રીઓની ખાસ ભૂમિકા છે અને તેથી તેમનો સહયોગ જરૂરી છે.

અનુ. 21 જણાવે છે કે ઉજ્જવળ ભવિષ્ય માટે યુવા પેઢીની શક્તિઓનો ઉપયોગ કરવો જોઈએ.

અનુ. 22 અનુસાર, પર્યાવરણ રક્ષણ અને વ્યવસ્થામાં ગ્રામ લોકોની ખાસ ભૂમિકા હોય છે. રાજ્યોએ તેમની ઓળખ અને સંસ્કૃતિ માન્ય કરીને તેમનો સહયોગ પણ લેવો જોઈએ.

અનુ. 24માં જણાવાયું છે કે યુદ્ધ પરિસ્થિતિ પર્યાવરણ માટે અને વિકાસ માટે હાનિકારક છે. સશસ્ત્ર સંઘર્ષ સમયે રાજ્યોએ પર્યાવરણ રક્ષણના આંતરરાષ્ટ્રીય કાયદાને માન આપવું જોઈએ.

અનુ. 25 જણાવે છે કે શાંતિ, વિકાસ અને પર્યાવરણ રક્ષણ એકબીજા પર આધારિત અને અવિભાજ્ય છે.

અનુ. 26 મુજબ, પર્યાવરણ તકરારોનો નિર્ણય રાજ્યોએ યુનો ખતપત્ર મુજબ શાંતિથી અને યોગ્ય સાધનોથી લાવવો જોઈએ.

છેલ્લો અનુ. 27 જણાવે છે કે આ ઘોષણામાં નિર્દિષ્ટ કરાયેલ સિદ્ધાંતોની પૂર્તિ માટે અને પોષણક્ષમ વિકાસના વધુ વિકાસ માટે રાજ્યો અને લોકોએ શુદ્ધબુદ્ધિથી અને સહયોગના જુસ્સાથી સહયોગ આપવો જોઈએ.

- **પર્યાવરણ પ્રદૂષણ થવાના કારણો અને પરિબળો:-**

૧.મુખ્ય કારણો:-

a. વસ્તી વધારો

b.ઔધોગિકરણ

૨. અન્ય કારણો

1.ગરીબી

2. શહેરીકરણ

3. બેકારી

4. નિકાલ થયા વગરનો કચરો

5. અપૂરતું પોષણ

6. ધુમાડો

7. વૃક્ષ છેદન

8. રસાયણોનો ઉપયોગ

9. બંધો બાંધવા

10. યાંત્રિક સાધનોનો વધતો ઉપયોગ તેમજ દુરુપયોગ

- **અસરો:-**

1. વાતાવરણ પર
2. જમીન પર
3. માનવ સ્વાસ્થ્ય પર
4. અન્ય જીવ સૃષ્ટિ પર
5. તાપમાન
6. રોગચાળો
7. પાણીની તંગી
8. બાયોડાઈવર્સિટીનો અંત
9. ઓઝોનના સ્તરમાં ગાબડું
10. ગ્લોબલ વોર્મિંગ
11. દરિયાના સ્તરમાં વધારો
12. પર્યાવરણીય બદલા

- **પર્યાવરણના પ્રદૂષણ સામે મળતા ઉપાયો**

1.દિવાની ઉપાય- civil Remedy

(A) નુકસાન વળતર

(1) Normal Damages (નામનું નુકસાન વળતર)

(2) Substantial Damages (વાસ્તવિક નુકસાન વળતર)

(3) Exemplary Damages (શિક્ષાત્મક(દાખલારુપ) નુકસાન વળતર)

(B) Injunction(મનાઈહુકમ)

2.Criminal Remedy (ફોજદારી ઉપાય)

3.Writs(આજ્ઞાપાત્રો)

4. રાષ્ટ્રીય પર્યાવરણ ન્યાયપંચ ધારો,1995 હેઠળ પ્રાપ્ય ઉપાય

- <u>**પર્યાવરણના રક્ષણ અને જાહેર હિતની દાવા પ્રત્યે બંધારણની પ્રતિબદ્ધતા**</u>

1. મૂળભૂત અધિકારો

2. મૂળભૂત ફરજો

3. રાજ્ય નીતિના નિર્દેશક સિદ્ધાંતો

4. ફેડરેશન માળખું અને કાયદાકીય સત્તાનું વિભાજન

5. બેતાલીસમા સુધારા પછી પર્યાવરણનું રક્ષણ

6. જાહેર હિતની અરજી

- **સામાન્ય કાયદા હેઠળ પર્યાવરણનું રક્ષણ**

(A)અપકૃત્યના કાયદા હેઠળ પર્યાવરણીય સંરક્ષણ

- ઉપદ્રવ

- બેદરકારી

- "કડક જવાબદારી" અને "સંપૂર્ણ જવાબદારી" નો નિયમ

(B) દંડ સંહિતા હેઠળ પર્યાવરણીય સંરક્ષણ

(C) ફોજદારી કાર્યવાહી સંહિતા હેઠળ પર્યાવરણીય સંરક્ષણ.

<u>**પર્યાવરણ (સુરક્ષા) ધારો, 1986**</u>

**Sec.2-(a)પર્યાવરણ:** - પર્યાવરણમાં પાણી, હવા, જમીનમાં તથા માનવો, અન્ય જીવંત સૃસ્ટી વનસ્પતિઓ અતિ સુક્ષ્મ સજીવો અને મિલકતમાં રહેલા પરસ્પરના સંબંધોનો સમાવેશ થાય છે.

**Sec.2-(b)પર્યાવરણીય પ્રદૂષક**: - પર્યાવરણને હાનિકારક હોય અથવા હાનિકારક હોવાનો સંભવ હોય, એટલી જલદ માત્રામાં કોઈ ઘન, પ્રવાહી કે વાયુરૂપ પદાર્થની તેમાં હાજરી.

**Sec.2-(c)પર્યાવરણીય પ્રદૂષણ**: - કોઈ પર્યાવરણીય પ્રદૂષકની પર્યાવરણમાં હાજરી.

**Sec.2-(d)"handling** "(કોઈ પદાર્થના સંબંધમાં તેને 'હાથ ધરવો')

Sec. 2-(e)"hazardous substance "(જોખમકારક પદાર્થ)

Sec.2-(f)"occupier" (કબજેદાર કે ભોગવટેદાર)

Sec.2-(g)"prescribed" (નિયત)

- <u>**કેન્દ્ર સરકારની સામાન્ય સત્તાઓ**</u>

**કલમ-૩. પર્યાવરણનાં સરક્ષણ અને સુધારણા માટે પગલાં લેવાની કેન્દ્ર સરકારની સત્તા ::**

(૧) આ અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને, કેન્દ્ર સરકારને, પર્યાવરણની ગુણવત્તાનાં સંરક્ષણ અને સુધારણા અને પર્યાવરણીય પ્રદુષણની નિવારણ, નિયંત્રણ અને તેને ઘટાડવાના હેતુ સારુ, પોતે જરૂરી અથવા ઈષ્ટ ગણે તેવા તમામ પગલાં લેવાની સત્તા રહેશે.

(૨) ખાસ કરીને અને પેટા-કલમ (૧) ની જોગવાઈઓની વ્યાપકતાને બાપ આવ્યા વિના એવા પગલાંમાં, નીચેની તમામ બાબતો અથવા તે પૈકીની કોઈ બાબતના સંબંધમાં પગલા લેવાનો સમાવેશ થઈ શકશે :-

( ૧) (એ) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ; અથવા

(બી) આ અધિનિયમના ઉદેશો સાથે સંબંધિત હોય તેવા જે તે સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈ કાયદા હેઠળ રાજય સરકારે, અધિકારીઓએ અને અન્ય સત્તા અધિકારીઓએ લીધેલ પગલાંના સંકલન બાબત.

(૨) પર્યાવરણીય પ્રદૂષણનાં નિવારણ, નિયંત્રણ અને તેને ઘટાડવા માટેના રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમનાં આયોજન અને અમલ બાબત;

(૩) પર્યાવરણના વિવિધ પાસાઓમાં તેની ગુણવત્તા માટેનાં ધોરણો ઠરાવવા બાબત;

(૪) ગમે તેવાં જુદા જુદા સાધનોમાંથી પર્યાવરણીય પ્રદૂષકોના ઉત્સર્જન કે નિસ્સારણ માટેનાં ધોરણો ઠરાવવા બાબત;

પરંતુ જુદાં જુદાં સાધનોમાંથી પર્યાવરણીય પ્રદૂષકોના ઉત્સર્જન કે નિસ્સારણનાં ગુણવત્તા કે મિશ્રણને ધ્યાનમાં લઈને, આ ખંડ હેઠળ તેવા સાધનોમાંથી ઉત્સર્જન કે નિસ્સારણ માટે જુદા જુદા ધોરણો ઠરાવી શકાશે.

(૫) જે વિસ્તારોમાં કોઈ ઉદ્યોગો, કામગીરી અથવા પ્રક્રિયાઓ અથવા કોઈ વર્ગના ઉદ્યોગો, કામગીરીઓ અથવા પ્રક્રિયાઓ ચલાવી શકાય નહિ અથવા અમુક સલામતીઓને આધીન રહીને ચલાવી શકાય તે વિસ્તારોના નિયંત્રણ બાબત;

(૬) જેનાથી પર્યાવરણીય પ્રદૂષણ થાય તેવા અકસ્માતોના નિવારણ માટેની કાર્યરીતિઓ અને સલામતીઓ અને એવા અકસ્માતો માટેનાં ઉપચારાત્મક પગલાં ઠરાવવા બાબત;

(૭) જોખમી પદાર્થોની વ્યવસ્થા માટે કાર્યરીતિઓ અને સલામતીઓ કરાવવા બાબત;

(૮) પર્યાવરણીય પ્રદૂષણ થવાનો સંભવ હોય તેવી ઉત્પાદનને લગતી પ્રક્રિયાઓ, માલસામાન અને પદાર્થોના પરીક્ષણ બાબત;

(૯) પર્યાવરણીય પ્રદૂષણની સમસ્યાને લગતાં તપાસ અને સંશોધન કરવા અને તે યોજવા બાબત;

(૧૦) કોઈ જગ્યા, પ્લાન્ટ, સાધનસામગ્રી, યંત્રસામગ્રી, ઉત્પાદનને લગતી કે અન્ય પ્રક્રિયાઓ, માલસામાન કે પદાર્થોનું નિરીક્ષણ કરવા અને પર્યાવરણીય પ્રદૂષણનાં નિવારણ, નિયંત્રણ અને તેને ઘટાડવા માટે પગલાં લેવા પોતે જરૂરી ગણે તેવા આદેશો, તેવા સત્તાધિકારીઓ, અધિકારીઓ કે વ્યક્તિઓને હુકમ દ્વારા આપવા બાબત;

(૧૧) આ અધિનિયમ હેઠળ પર્યાવરણીય પ્રયોગશાળાઓને અને સંસ્થાઓને સોંપેલા કાર્યો કરવા માટે તેવી પર્યાવરણીય પ્રયોગશાળાઓ અને સંસ્થાઓની સ્થાપના અથવા માન્યતા બાબત;

(૧૨) પર્યાવરણીય પ્રદષણને લગતી બાબતોના સંબંપમાં માહિતી એકબ કરવા અને તેના પ્રસારણ

(૧૩) પર્યાવરણીય પ્રદૂષકાના નિવારલ, નિયંત્રણ અને ઘટાડાને લગતાં નિયમસંગ્રહે. કાયદાઓ

અથવા માર્ગદર્શિકાઓ તૈયાર કરવા બાબત;

(૧૪) આ અધિનિયમની જોગવાઈઓનો અસરકારક અમલ સુનિશ્ચિત કરવાના હેતુ સારુ કેન્દ્ર સરકાર આવશ્યક અથવા ઈષ્ટ ગણે તેવી અન્ય બાબતો.

**કલમ-૪. અધિકારીઓની નિમણૂંક અને તેમની સત્તા અને કાર્યો :**

(૧) કલમ-૩ ની પેટા-કલમ (૩) ની જોગવાઈઓને બાધ આવ્યા વિના, કેન્દ્ર સરકાર, આ અધિનિયમના હેતુઓ માટે પોતાને યોગ્ય લાગે તેવા હોદ્દાવાળા અધિકારીઓ નીમી શકશે અને તેમને, પોતે યોગ્ય ગણે તેવાં, આ અધિનિયમ હેઠળની સત્તા અને કાર્યો સોંપી શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ નિમાયેલા અધિકારીઓ કેન્દ્ર સરકારના અથવા તે સરકારે તેવો આદેશ આપ્યો હોય, તો કલમ-૩ ની પેટા-કલમ (૩) હેઠળ રચાયેલ કોઈ સત્તામંડળ કે સત્તામંડળો હોય, તો તેના અથવા અન્ય કોઈ સત્તામંડળ કે અધિકારીના સામાન્ય નિયંત્રણ અને આદેશને પણ આધીન રહેશે.

**કલમ-૫. આદેશો આપવાની સત્તા :**

બીજા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, પણ આ અધિનિયમની જોગવાઈઓને આપીન રહીને કેન્દ્ર સરકાર, આ અધિનિયમ હેઠળ પોતાની સત્તાની રૂએ અને પોતાનાં કાર્યો બજાવીને, કોઈ વ્યકિત, અધિકારી અથવા કોઈ સત્તાધિકારીને લેખિતમાં આદેશો આપી શકશે અને એવી વ્યક્તિ, અધિકારી અથવા સત્તાધિકારી એવા આદેશોનું પાલન કરવાને બંધાયેલો રહેશે.

(ક) કોઈ ઉદ્યોગ, કામગીરી અથવા પ્રક્રિયાને બંધ કરવા, તેમના પ્રતિબંધ અથવા નિયમન બાબત;

અથવા

(ખ) વીજળી અથવા પાણી અથવા અન્ય કોઈ સેવાનો પુરવઠો બંધ કરવા અથવા તેના નિયમન બાબત.

**કલમ-૫-ક. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલને અપીલ :**

નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ એક્ટ, ૨૦૧૦ શરૂ થયો ત્યારે કે તે પછી કલમ-૫ હેઠળ કાઢવામાં આવેલી કોઈપણ સૂચનાથી કોઈપણ વ્યક્તિને, અન્યાય થયો હોય કે પીડિત થઈ હોય તે, નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ એક્ટ, ૨૦૧૦ની કલમ-૩થી સ્થાપિત થયેલી નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલને આ અધિનિયમની જોગવાઈઓ પ્રમાણે અપીલ કરી શકાશે

- <u>**પર્યાવરણીય પ્રદૂષણનું નિવારણ, નિયંત્રણ અને ઘટાડા બાબત**</u>

**કલમ-૭. ઉદ્યોગ, કામગીરી વગેરે ચલાવતી વ્યકિતઓને ધોરણ કરતાં વધુ પ્રમાણમાં પર્યાવરણીય પ્રદૂષકોના ઉત્સર્જન અથવા નિસ્સારણ માટે છૂટ આપવી નહીં:**

કોઈ ઉદ્યોગ, કામગીરી અથવા પ્રક્રિયા ચલાવતી કોઈપણ વ્યક્તિ, ઠરાવવામાં આવે તેવા ધોરણો કરતાં વધુ પ્રમાણમાં કોઈ પર્યાવરણીય પ્રદૂષકોનું નિસ્સારણ અથવા ઉત્સર્જન કરી શકશે નહિ અથવા તેના નિસ્સારણ અથવા ઉત્સર્જન કરવાની તે છૂટ આપી શકશે નહિ.

**કલમ-૮. જોખમી પદાર્થોની વ્યવસ્થા કરતી વ્યકિતઓએ કાર્યરીતિ વિષયક સલામતીઓનું પાલન કરવા બાબત :**

કોઈપણ વ્યક્તિથી, ઠરાવવામાં આવે તેવી કાર્યરીતિ અનુસાર હોય તે સિવાય અને ઠરાવવામાં આવે તેવી સલામતીઓનું પાલન કર્યા સિવાય કોઈ જોખમી પદાર્થની વ્યવસ્થા કરી શકાશે નહિ અથવા વ્યવસ્થા કરાવી શકાશે નહિ.

**કલમ-૯. અમુક કિસ્સાઓમાં સત્તાધિકારીઓને અને એજન્સીઓને માહિતી પૂરી પાડવા બાબત :**

(૧) કોઈ અકસ્માત કે બીજા અણધાર્યા કૃત્ય કે ઘટનાને કારણે ઠરાવેલા ધોરણ કરતાં વધુ પ્રમાણમાં કોઈ પર્યાવરણીય પ્રદૂષકોનું નિસ્સારણ થાય અથવા થવાની દહેશત હોય, ત્યારે આવા નિસ્સારણ માટે જવાબદાર વ્યક્તિ અને જે સ્થળે આવું નિસ્સારણ થાય અથવા થવાની દહેશત હોય તે સ્થળનો હવાલો ધરાવતી વ્યકિત આવા નિસ્સારણના પરિણામે થયેલ પર્યાવરણીય પ્રદૂષણ નિવારવા કે ઓછું કરવા બંધાયેલી રહેશે અને તેણે તરત જ ઠરાવવામાં આવે તે સત્તાધિકારીઓ કે એજન્સીઓને

(ક) આવા નિસ્સારણની ઘટના બન્યાની હકીકતની અથવા આવું નિસ્સારણ થવાની દહેશતની જાણ કરવી જોઈશે; અને

(ખ) ફરમાવ્યું હોય, તો તમામ સહાય કરવા બંધાયેલી રહેશે.

(૨) પેટા-કલમ (૧) માં ઉલ્લેખેલ પ્રકારના કોઈ નિસ્સારણનો બનાવ બન્યાની હકીકત અથવા આવું નિસ્સારણ થયાની દહેશત અંગેની માહિતી મળ્યે, પછી તે માહિતી, તે પેટા કલમ હેઠળ જાણ કરીને અથવા અન્યથા મળી હોય તો, પણ, પેટા-કલમ (૧) માં ઉલ્લેખેલ સત્તાધિકારીઓએ અથવા એજન્સીઓએ વ્યવહાર્ય હોય તેટલું જલ્દી, પર્યાવરણીય પ્રદૂષણ નિવારવા કે ઓછું કરવા જરૂરી હોય તેવા ઉપચારાત્મક પગલાં લેવડાવવાં જોઈશે.

કલમ:-10 દાખલ થવાની અને નિરીક્ષણ કરવાની સત્તા

-કેન્દ્ર સરકારે સત્તા આપેલી કોઈ વ્યક્તિ આ કામ કરે છે.

કલમ: -11 નમૂનો લેવાની સત્તા અને તેના સંબંધમાં અનુસરવાની કાર્યરીતિ

કલમ -12 :- પર્યાવરણીય પ્રયોગશાળાઓ

કલમ 13:-સરકારી પૃથકારો

કલમ:-14-એ. ક.7 અથવા ક.8 ઉલ્લંઘન બદલ દંડ:-

- 1 લાખ રૂ. થી ઓછો નહીં પરંતુ 15 લાખ સુધીનો દંડ
- આનો આ ગુનો ચાલુ રાખે તો પ્રત્યેક દિવસ માટે વધારાના 50 હજાર રૂ. નો દંડ

કલમ:-14-બી. ક. 9,10 અને 11 ના ઉલ્લંઘન બદલ દંડ:-

- 10હજાર રૂ. કરતા ઓછો નહીં પરંતુ 5 લાખ રૂપિયા સુધીના દંડને પાત્ર થશે.
- આનો આ ગુનો ચાલુ રાખે તો પ્રત્યેક દિવસ માટે વધારાના 10 હજાર રૂ. નો દંડ

કલમ :- 15 અધિનિયમની જોગવાઇઓ, નિયમો, હુકમ અને આદેશોના ઉલ્લંઘન બદલ શિક્ષા:-

- 10હજાર રૂ. કરતા ઓછો નહીં પરંતુ 15 લાખ રૂપિયા સુધીના દંડને પાત્ર થશે.
- આનો આ ગુનો ચાલુ રાખે તો પ્રત્યેક દિવસ માટે વધારાના 10 હજાર રૂ. નો દંડ

## <u>પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ)અધિનિયમ, 1974</u>

કલમ.3:- કેન્દ્રીય બોર્ડની રચના

1. કેન્દ્ર સરકાર જાહેરનામાથી રચના કરશે.
2. સભ્યો:-

   (એ) કેન્દ્ર સરકારે નિયુક્ત કરવાના પૂર્ણકાલિક અધ્યક્ષ, જે પર્યાવરણલક્ષી સંરક્ષણ અંગેની બાબતોના સંબંધમાં વિશેષ જ્ઞાન અથવા કાર્યજનિત અનુભવ ધરાવતી વ્યક્તિ હોય, અથવા જે ઉપર્યુક્ત બાબતોનું કાર્ય સંભાળતી સંસ્થાઓના વહીવટના જ્ઞાન અને અનુભવ ધરાવતી વ્યક્તિ હોય;

   (બી) કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરવા તે સરકારે નિયુક્ત કરવાના પાંચ કરતાં વધુ ન હોય તેટલી સંખ્યાના અધિકારીઓ;

   (સી) કેન્દ્ર સરકારે, રાજ્ય બોર્ડોના સભ્યોમાંથી નિયુક્ત કરવાની, પાંચ કરતાં વધુ ન હોય તેટલી સંખ્યાની વ્યક્તિઓ, જે પૈકી બે વ્યક્તિઓ, કલમ-૪ની પેટા-કલમ(૨)ના ખંડ(સી)માં ઉલ્લેખેલ વ્યક્તિઓમાંથી હોવી જોઈએ;

   (ડી) ખેતી, મત્સ્ય ઉદ્યોગ અથવા ઉદ્યોગ કે વ્યાપારનાં હિતોનું અથવા કેન્દ્ર સરકારના અભિપ્રાય પ્રમાણે જેનું પ્રતિનિધિત્વ હોવું આવશ્યક હોય તેવા બીજા કોઈ હિતનું પ્રતિનિધિત્વ કરવા કેન્દ્ર સરકારે નિયુક્ત કરવાની પાંચ કરતાં વધુ ન હોય તેટલી સંખ્યાના બિનસરકારી અધિકારીઓ;

   (ઈ) કેન્દ્ર સરકારની માલિકીની, તેના નિયંત્રણ અથવા વહીવટ તળેની કંપનીઓ અથવા કોર્પોરેશનોનું પ્રતિનિધિત્વ કરવા તે સરકારે નિયુક્ત કરવાની બે વ્યક્તિઓ;

   (એફ) કેન્દ્ર સરકારે, નિમવાના, પર્યાવરણ નિયંત્રણના વૈજ્ઞાનિક, એન્જિનિયરીંગ અથવા વહીવટી પાસાંઓની લાયકાત, જાણકારી, અનુભવ ધરાવતા પૂર્ણકાલિક સભ્ય-સચિવ.

**કલમ:-4 રાજ્ય સભ્યની રચના**:-

-રાજ્ય સરકાર જાહેરનામાથી રચના કરશે.

**-સભ્યો:-**

(એ) [કેન્દ્ર સરકાર દ્વારા ઠરાવવામાં આવે એવી રીતે] રાજય સરકારે નિયુક્ત કરવાના અધ્યક્ષ જે પર્યાવરણલક્ષી સંરક્ષણ અંગેની બાબતોના સંબંધમાં વિશેષ જ્ઞાન અથવા કાર્યજનિત અનુભવ ધરાવતી વ્યક્તિ હોય અથવા જે ઉપર્યુક્ત બાબતોનું કાર્ય સંભાળતી સંસ્થાઓના વહીવટના જ્ઞાન અને અનુભવ ધરાવતી વ્યક્તિ હોય; પરંતુ, અધ્યક્ષ, રાજ્ય સરકારને યોગ્ય લાગે તે પ્રમાણે પૂર્ણકાલિક કે અંશકાલિક હોઈ શકશે;

(બી) રાજય સરકારનું પ્રતિનિધિત્વ કરવા માટે તેણે નિયુક્ત કરવાના પાંચ કરતાં વધુ ન હોય તેટલી સંખ્યાના અધિકારીઓ;

(સી) રાજયમાં કાર્ય કરતા સ્થાનિક સત્તામંડળના સભ્યોમાંથી રાજય સરકારે નિયુક્ત કરવાની પાંચ કરતાં વધુ ન હોય તેટલી સંખ્યાની વ્યક્તિઓ;

(ડી) ખેતી, મત્સ્યોદ્યોગ અથવા ઉદ્યોગ કે વ્યાપારના હિતોનું અથવા રાજ્ય સરકારના અભિપ્રાય પ્રમાણે જેનું પ્રતિનિધિત્વ હોવું આવશ્યક હોય તેવા બીજા કોઈ હિતનું પ્રતિનિધિત્વ કરવા રાજ્ય સરકારે નિયુક્ત કરવાની ત્રણ કરતાં વધુ ન હોય તેટલી સંખ્યાની બિનસરકારી વ્યક્તિઓ

(ઈ) રાજ્ય સરકારની માલિકીની તેના નિયંત્રણ અથવા વહીવટ હેઠળની કંપનીઓ અથવા કોર્પોરેશનોનું પ્રતિનિધિત્વ કરવા તે સરકારે નિયુક્ત કરવાની બે વ્યક્તિઓ;

(એફ) રાજ્ય સરકારે નીમવાના પ્રદૂષણ નિયંત્રણના વૈજ્ઞાનિક, એન્જિનિયરીંગ અથવા વહીવટી પાંસાઓની લાયકાત, જાણકારી અને અનુભવ ધરાવતા પૂર્ણકાલિક સભ્ય-સચિવ.

**કલમ:-6 ગેરલાયકાત:-**

**1.**નાદાર હોય ત્યારે

2. અસ્થિર મગજની હોય

3. નૈતિક અધ:પતનનો ગુનો કરેલ હોય ત્યારે

4. આ કાયદા હેઠળનો કોઈ ગુનો કરેલ હોય ત્યારે

5. અન્ય કોઈ જગ્યાએ ભાગીદારી હોય ત્યારે

6 કોઈ કંપની કે કોર્પોરેશન નો અધિકારી કે કર્મચારી હોય ત્યારે

7. પોતાના હોદાનો દુરુપયોગ કરેલ હોય ત્યારે

**કલમ:-8 બોર્ડની બેઠકો:-**

-દર ત્રણ મહિને એકવાર મળશે.

**સંયુક્ત બોર્ડ**

**કલમ:-14- રચના**

એ) કેન્દ્ર સરકારે નિયુક્ત કરવાના પૂર્ણકાલિક અચશે, જે પર્યાવરણલક્ષી સંસ્થા સંબંધી બાબતોના સંબંધમાં વિશેષ જ્ઞાન અને કાર્યજનિત અનુભવ ધરાવતી વ્યક્તિ હોય અથવા જે ઉપર્યુક્ત ભાભતોનું કાર્ય સભાળતી સંસ્થાના વહીવટના શાન અને અનુબવ ધરાવતી વ્યક્તિ હોય:

(બી) ભાગ લેનાર સજ્યો પૈકી દરેક રાજયમાંથી બે અધિકારીઓ, જેમને સંબંધિત ભાગ લેનાર રાજ્ય સરકાર, તે સરકારનું પ્રતિનિધિત્વ કરવા નિયુક્ત કરશે;

(સી) ભાગ લેનાર રાજય સરકારો પૈકી દરેક સરકારે, સંબંધિત રાજયમાં કાવ્યે કરતા સ્થાનિક સત્તાધિકારીઓનાં સભ્યોમાંથી નિયુક્ત કરવાની એક વ્યક્તિ;

(ડી) સંબંધિત રાજયમાં ખેતી, મત્સ્યોદ્યોગ અથવા ઉયોગ કે વ્યાપારના હિતોનું અથવા ભાગ લેનાર રાજ્ય સરકારના મત મુજબ જેનું પ્રતિનિધિત્વ કરવાનું જરૂરી હોય તેવા અન્ય કોઈ હિતનું પ્રતિનિધિત્વ કરવા ભાગ લેનાર રાજ્ય સરકારો પૈકી દરેક સરકારે નિયુક્ત કરવાની બિન-સરકારી વ્યક્તિ;

(ઈ) ભાગ લેનાર રાજ્ય સરકારોની માલિકીની, તેમના અંકુશ અથવા વહીવટ હેઠળની કંપનીઓ અથવા કોર્પોરેશનનું પ્રતિનિધિત્વ કરવા કેન્દ્ર સરકારે નિયુક્ત કરવાની બે વ્યક્તિઓ;

(એફ) કેન્દ્ર સરકારે નીમવાની પર્યાવરણ નિયંત્રણના વૈજ્ઞાનિક, ઇજનેરી અથવા વહીવટી પાસાંઓની જાણકારી અને અનુભવ ધરાવતા પૂર્ણકાલિક સભ્ય-સચિવ

**કલમ:-16. કેન્દ્રીય બોર્ડના કાર્યો:-**

(૧) આ કાયદાની જોગવાઈઓને આધીન, કેન્દ્રીય બોર્ડનું મુખ્ય કાર્ય, રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં નદીનાળાં અને કૂવાની સ્વચ્છતા જાળવવાનું રહેશે.

(૨) ખાસ કરીને પૂર્વવર્તી કાર્યની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, કેન્દ્રીય બોર્ડ નીચેના તમામ અથવા

કોઈ કાર્ય બજાવી શકશે :

(એ) પાણી પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ સંબંધી કોઈ બાબત અંગે કેન્દ્ર સરકારને સલાહ આપવી;

(બી) રાજ્યો બોર્ડોની પ્રવૃત્તિઓ સંકલિત કરવી અને તેમની વચ્ચેની તકરારોનું નિવારણ કરવું;

(સી) રાજ્ય બોર્ડોને ટેકનિકલ મદદ અને માર્ગદર્શન, પાણી પ્રદૂષણના તેમજ પાણી પ્રદૂષણ નિવારણ, નિયંત્રણ અથવા ઘટાડાના પ્રશ્નોને લગતી તપાસ અને સંશોધન કરવું અને પ્રેરવું;

(ડી) કેન્દ્રીય બોર્ડ નિર્દિષ્ટ કરે તે શરતોએ, પાણી પ્રદૂષણના નિવારણ નિયંત્રણ અથવા ઘટાડા માટેના કાર્યક્રમોમાં રોકાયેલ અથવા રોકવાની વ્યક્તિઓની તાલીમની યોજના અને વ્યવસ્થા કરવી;

(ઈ) પાણી પ્રદૂષણના નિવારણ અને નિયંત્રણ સંબંધમાં વિસ્તૃત કાર્યક્રમની લોકસંપર્ક સાધનો દ્વારા વ્યવસ્થા કરવી; (ઈઈ) કલમ-૧૮ની પેટા-કલમ(૨) હેઠળ કરેલ હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા કોઈપણ રાજ્ય બોર્ડના કાર્યો કરવા;

(એફ) પાણી પ્રદૂષણને અને તેના અસરકરાક નિવારણ અને નિયંત્રણ માટે પ્રયોજેલાં પગલાંને લગતી ટેકનિકલ અને આંકડાકીય માહિતી એકત્રિત, સંકલિત અને પ્રગટ કરવી અને સુએજના અને ઉદ્યોગના ગંદા પાણીની પ્રક્રિયા અને નિકાલને લગતાં પુસ્તકો, સંગ્રહો અથવા માર્ગદર્શિકાઓ તૈયાર કરવી અને તે અંગેની માહિતીનો પ્રચાર કરવો;

(જી) સંબંધિત રાજ્ય સરકાર સાથે મસલત કરીને, નદીનાળા અથવા કૂવાંના ધોરણ નિર્દિષ્ટ કરવા તેમાં ફેરફાર અથવા રદ કરવાં :

પરંતુ, પાણીની ગુણવત્તા, નદીનાળાં અથવા કૂવાના પાણી-પ્રવાહનાં લક્ષણો અને એવા નદીનાળા કે કૂવામાં અથવા નદીનાળાં કે કૂવાઓમાંના પાણીના ઉપયોગનો પ્રકાર ધ્યાનમાં લઈને, તે જ નદીનાળાં કે કૂવા માટે અથવા જુદા જુદા નદીનાળાઓ કે કૂવાઓ માટે અથવા જુદા જુદા ધોરણ નિર્દિષ્ટ કરી શકાશે.

(એચ) પાણી પ્રદૂષણના નિવારણ અને નિયંત્રણ અથવા ઘટાડા માટે રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમનું આયોજન કરી તેનો અમલ કરાવવો;

(આઈ) નિયત કરવામાં આવે તેવા બીજાં કાર્યો બજાવવાં.

(૩) બોર્ડ, કોઈ નદીનાળાંઓ કે કૂવાઓમાંથી લીધેલાં પાણીના નમૂના અથવા કોઈ સુએજના અથવા ઉદ્યોગના ગંદા પાણીના નમૂનાના પૃથક્કરણ સહિતનાં, આ કલમ હેઠળના પોતાનાં કાર્યો પોતે અસરકારક રીતે બજાવી શકે તે માટે પ્રયોગશાળા અથવા પ્રયોગશાળાઓ સ્થાપી શકશે અથવા માન્ય કરી શકશે.

**કલમ-૧૭. રાજ્ય બોર્ડના કાર્યો :**

(૧) આ કાયદાની જોગવાઈઓને આધીન રહીને, રાજ્ય બોર્ડનાં કાર્યો નીચે પ્રમાણે રહેશે :

(એ) રાજ્યમાંના નદીનાળાંઓ અને કૂવાઓના પ્રદૂષણના નિવારણ, નિયંત્રણ અથવા ઘટાડા માટે વિસ્તૃત કાર્યક્રમનું આયોજન અને તેનો અમલ;

(બી) પાણી પ્રદૂષણના નિવારણ, નિયંત્રણ અથવા ઘટાડા સંબંધી કોઈ બાબત વિશે રાજય સરકારને સલાહ આપવી;

(સી) પાણી પ્રદૂષણના નિવારણ, નિયંત્રણ અથવા ઘટાડાને લગતી માહિતી એકત્રિત કરવી અને તેનો ફેલાવો કરવો;

(ડી) પાણી પ્રદૂષણના તેમજ પાણી પ્રદૂષણના નિવારણ, નિયંત્રણ અથવા ઘટાડા અંગેના પ્રશ્નોને લગતા તપાસ અને સંશોધન કાર્યને ઉત્તેજન, સંચાલન અને તેમાં હિસ્સેદારી;

(ઈ) પાણી પ્રદૂષણના નિવારણ, નિયંત્રણ અથવા ઘટાડાને લગતા કાર્યક્રમોમાં રોકેલી અથવા રોકવાની વ્યક્તિઓની તાલીમની વ્યવસ્થા, કેન્દ્રીય બોર્ડ સાથે સહયોગ અને તે સંબંધી લોક શિક્ષણના કાર્યક્રમોનું આયોજન;

એફ) સુએજનું અથવા ઉદ્યોગનું ગંદુ પાણી, સુએજના અને ઉદ્યોગના ગંદા પાણીની પ્રક્રિયા માટેના વર્કસ અને પ્લાન્ટની તપાસ અને પાણીની પ્રક્રિયા માટે ઊભા કરેલા પ્લાન્ટો, પાણીના શુદ્ધિકરણ માટેના વર્કસ અને સુએજના અથવા ઉદ્યોગના ગંદા પાણીના નિકાલ માટેની પદ્ધતિને લગતા અથવા આ કાયદાથી આવશ્યક હોય તેવી કોઈ સંમતિ આપવાના સંબંધમાં, પ્લાન, આદેશન અથવા અન્ય માહિતી પુર્નવિચારણા;

(જી) સુએજના અને ઉદ્યોગના ગંદા પાણીના તથા (આંતરરાજય, નદીનાળાઓનાં ન હોય તેવા) છોડવામાં આવતા જે ગંદા પાણીની આવક થવાની હોય તેનાં ધોરણો, ફેરફાર કે રદ કરવા અને રાજયના પાણીનું વર્ગીકરણ કરવું;

(એચ) જુદા જુદા પ્રદેશોની જમીન, આબોહવા અને જળસંપત્તિની વિશિષ્ટ પરિસ્થિતિ અને ખાસ કરીને પાણી પ્રદૂષણ અમુક લઘુત્તમ હદ સુધી પણ મોળું પાડવાનું અસંભવ બનાવે તેવી નદીનાળા અને કૂવાના પાણીના પ્રવાહની પ્રવર્તમાન, લાક્ષણિકતાઓ ધ્યાનમાં લઈને, સુએજના અને ઉદ્યોગના ગંદા પાણીની પ્રક્રિયાની કરકસરભરી અને આધારભૂત પદ્ધતિનો વિકાસ;

(આઈ) સુએજના અને અનુકૂળ ઉદ્યોગના ગંદા પાણીને ખેતી માટે ઉપયોગમાં લઈ શકાય તે માટેની પદ્ધતિનો વિકાસ કરવો;

(જે) વર્ષના મોટા ભાગ દરમિયાન પ્રદૂષણ લઘુત્તમ અંશે પણ મોળું ન પાડી શકે તેવી નદીનાળાના અલ્પ પ્રવાહની પરિસ્થિતિના મુખ્ય કારણે જરૂરી બનતી સુએજના અને ઉદ્યોગના ગંદા પાણીનો જમીન પર નિકાલ કરવાની કાર્યસાધક પદ્ધતિનો વિકાસ કરવો;

(3) અમુક નદીનાળાં છોડવાના સુએજના અને ઉદ્યોના ગંદા પાણી ઉપરની પ્રક્રિયાના ધોરણ, આવું પાણી છોડવામાં આવ્યા બાદ તે નદીનાળામાં ચોખ્ખા હવામાનથી પ્રદૂષણમાં શક્ય તેટલો ઘટાડો અને તેના પાણીમાં પ્રદૂષણ કેટલું પ્રમાણ નિર્વાહ્ય ગણાય તે ધ્યાનમાં લઈને નક્કી કરવા;

(એલ) નીચેના માટે કોઈ હુકમ કરવો; તેમાં ફેરફાર કરવો અથવા તે રદ કરવો -

(૧) નદીનાળાં અથવા કૂવામાં દૂષિત પ્રવાહી છોડવાનું નિવારવા, નિયંત્રણમાં રાખવા અથવા તેમાં ઘટાડો કરવા માટે;

(૨) સંબંધિત કોઈ વ્યક્તિને, સુએજના અને ઉદ્યોગના ગંદા પાણીના નિકાલ માટે નવી પદ્ધતિનો વિકાસ, અથવા એવી કોઈ ચાલુ પદ્ધતિમાં ફેરફાર, તે બદલવાનું અથવા વિસ્તૃત કરવાનું અથવા પાણી પ્રદૂષણના નિવારણ, નિયંત્રણ અથવા ઘટાડા માટે આવશ્યક હોય તેવા ઉપાય લેવાની ફરજ પાડવા માટે;

(એમ) સુએજનું અથવા ગટરનું અથવા બંનેનું ગંદુ પાણી છોડવા માટે વ્યક્તિઓએ પાળવાનાં ગંદા પાણી નિકાલનાં પોરણ; અને સુએજના અને ઉદ્યોગના ગંદા પાણીની મલિનતાનાં ધોરણ, ફેરવવાં અથવા રદ કરવા;

(એન) જે કોઈ ઉદ્યોગ ચલાવવાથી નદીનાળું કે કૂવો દૂષિત થવાની શક્યતા હોય તે ઉદ્યોગ નાખવાના સ્થળના સંબંધમાં રાજ્ય સરકારને સલાહ આપવી;

(ઓ) નિયત કરવામાં આવે અથવા કેન્દ્રીય બોર્ડ અથવા રાજ્ય સરકાર તેને વખતોવખત સોંપે તેવા બીજાં કાર્યો બજાવવા.

(૨) બોર્ડ, કોઈ નદીનાલો કે કુવામાંથી લીધેલાં પાણીના નમૂના અથવા કોઈ સુએજના અથવા ઉદ્યોગના ગંદા પાણીના નમુનાના પૃથક્કરણ સહિતનાં, આ કલમ હેઠળનાં પોતાના કાર્યો અસરકારક રીતે બજાવી શકે તે માટે પ્રયોગશાળાઓ સ્થાપી શકશે અથવા માન્ય કરી શકશે.

**પાણી પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ**

**કલમ-૧૯. આ અધિનિયમનો અમલ કેટલાક વિસ્તારો પુરતો મર્યાદિત કરવાની રાજ્ય સરકારની સત્તા** :

(૧) આ કાયદામાં ગમે તે જોગવાઈ હોય તે છતાં, રાજય સરકારે રાજય બોર્ડ સાથે વિચારણા કર્યા પછી અથવા તેની ભલામણ ઉપરથી રાજય સરકારનો એવો અભિપ્રાય થાય કે આ કાયદાની જોગવાઈઓ સમસ રાજ્યને લાગુ પાડવી જરૂરી નથી, તો તે રાજ્યપત્રમાં જાહેરનામાથી, પાણી પ્રદૂષણ, નિવારણ અને નિયંત્રણ વિસ્તાર અથવા વિસ્તારો તરીકે તેમાં જાહેર કરવામાં આવે તે વિસ્તાર અથવા વિસ્તારો પુરતો આ કાયદાનો અમલ મર્યાદિત કરી શકશે અને તેમ થયે, આ કાયદાની જોગવાઈઓ એવા પડશે. વિસ્તાર અથવા વિસ્તારોને જ લાગુ પડશે.

(૨ ) દરેક પાણી પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ વિસ્તારને, નકશામાં નિર્દિષ્ટ કરીને અથવા કોઈ જલવિભાજક રેખાનો ઉલ્લેખ કરીને અથવા કોઈ જિલ્લાની હદનો આદેશ કરીને અથવા અંશત: એક પદ્ધતિથી અને અંશતઃ બીજી પદ્ધતિથી જાહેર કરી શકાશે.

(3) રાજ્ય સરકાર, રાજયપત્રમાં જાહેરનામાથી

(એ) કોઈ પાણી પ્રદૂષણ, નિવારણ અને નિયંત્રણ વિસ્તારમાં વધારો કે ઘટાડો કરીને તેમાં ફેરફાર કરી શકશે; અથવા

(બી)જયાં એક અથવા વધારે પાણી પ્રદૂષણ, નિવારણ અને નિયંત્રણ વિસ્તારોને અથવા તેના કોઈ ભાગ અથવા ભાગોને ભેળવી દેવામાં આવે તેવો નવો પાણી પ્રદૂષણ, નિવારણ અને નિયંત્રણ વિસ્તાર નક્કી કરી શકશે.

[2] માહિતી મેળવવાની સત્તા (ક. 20)

[3] ગંદા પાણીના નમૂના લેવાની અને તે અંગે અનુસરવાની કાર્યરીતિ (ક. 21)

[4] કલમ 21 હેઠળ લેવાયેલ નમૂનાના પૃથક્કરણનાં પરિણામનો અહેવાલ (ક. 22)

[5] પ્રવેશ અને તપાસણી કરવાની સત્તા (ક. 23)

[6] પ્રદૂષણકારક પદાર્થ, વગેરેના નિકાલ માટે નદીનાળા કે કુવાનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ (ક.24)

[7] નવા નિકાલમાર્ગો કાઢવા ઉપર અને નવું ગંદુ પાણી છોડવા ઉપર નિયંત્રણ (ક. 25)

[8] ગટરનું અથવા ઉદ્યોગનું ચાલુ ગંદું પાણી છોડવા સંબંધી જોગવાઈ (ક. 26)

[9] રાજ્યમંડળે સંમતિ આપવાનો ઇન્કાર અથવા તે પાછી ખેંચી લેવા બાબત (ક. 27)

[10] અપીલો (ક. 28)

[11] ફેરતપાસ (ક. 29)

[12] અમુક કામ કરવાની રાજ્યમંડળની સત્તા (ક. 30)

[13] અમુક પ્રસંગોએ રાજ્યમંડળ અને અન્ય એજન્સીઓને માહિતી આપવા બાબત (ક. 31)

[14] નદીનાળા કે કૂવાના પ્રદૂષણની બાબતમાં તાકીદનાં પગલાં (ક. 32)

[15] નદીનાળા કે કૂવામાં પાણી દૂષિત થવાની આશંકા હોય તે અટકાવવા માટે ન્યાયાલયોને અરજી કરવાની મંડળને સત્તા (ક. 33)

[16] આદેશો આપવાની સત્તા (ક. 33-એ)

<u>**શિક્ષાઓ અને કાર્યરીતિ**</u>

**કલમ-૪૧. કલમ-૨૦ની જોગવાઈઓ અથવા તે હેઠળ કરવામાં આવેલ આદેશોનું પાલન કરવામાં નિષ્ફળતા :**

(૧) દસ હજાર રૂપિયા કરતાં ઓછા ન હોય તેવા પણ પંદર લાખ રૂપિયા સુધીના દંડને પાત્ર થશે.

(૨) ઉલ્લંઘન ચાલુ રાખે, તો તે આવું ઉલ્લંઘન ચાલુ રહે તે દરમિયાનના પ્રત્યેક દિવસ માટે વધારાના દસ હજાર રૂપિયાના દંડને પાત્ર થશે.

**કલમ-૪૧-એ. કલમ-૩૨ની જોગવાઈઓ અથવા કલમ-૩૩ અથવા કલમ-૩૩-એ હેઠળ આપેલા આદેશોનું પાલન કરવામાં નિષ્ફળતા :**

(૧) દસ હજાર રૂપિયાથી ઓછા ન હોય તેવા પણ પંદર લાખ રૂપિયા સુધીના દંડને પાત્ર થશે.

(૨) ઉલ્લંઘન ચાલુ રાખે તે દરમિયાનના દરેક દિવસ માટે વધારાના દસ હજાર રૂપિયાના દંડને પાત્ર થશે.

**કલમ-૪૨. અમુક કાર્યો માટે શિક્ષા :**

(૧) જે કોઈ વ્યક્તિ (એ) જમીન ઉપર લગાડેલા કોઈ થાંભલા, સ્થંભ અથવા ખૂંટાને અથવા બોર્ડે અથવા બોર્ડના અધિકાર હેઠળ મૂકેલી, લખેલી અથવા રાખેલ કોઈ નોટિસ અથવા બીજી બાબતનો નાશ કરે, તેને તોડી પાડે, ખસેડે, તેને નુકસાન કરે અથવા વિકૃત કરે; અથવા

(બી) બોર્ડના હુકમો અથવા આદેશો હેઠળ કાર્યો કરતી કોઈ વ્યક્તિને, અધિનિયમ હેઠળ તેની સત્તાઓ વાપરવામાં અને તેના કાર્યો બજાવવામાં હરકત કરે; અથવા

(સી) બોર્ડના કોઈ કાર્યો અથવા મિલકતને નુકસાન કરે; અથવા

(ડી) બોર્ડનાં કોઈ અધિકારી અથવા અન્ય કર્મચારીને આ અધિનિયમના હેતુઓ માટે, એવા અધિકારીએ કે અન્ય કર્મચારીએ માંગેલી કોઈ માહિતી આપવાનું ચૂકે; અથવા

(ઈ) કલમ-૩૧ હેઠળ ફરમાવ્યા પ્રમાણે બોર્ડને અને અન્ય સત્તાધિકારીઓ અથવા એજન્સીઓને કોઈ અકસ્માત અથવા કોઈ અન્ય અણધાર્યું કૃત્ય અથવા બનાવ બનવાની જાણ કરવાનું ચૂકે; અથવા

(એફ) આ અધિનિયમ હેઠળ તેણે આપવાનું જરૂરી હોય તેવી કોઈ માહિતી આપવામાં, જાણીબુઝીને અથવા ઇરાદાપૂર્વક કોઈ મહત્ત્વની બાબતોનું ખોટું હોય તેવું નિવેદન કરે; અથવા

(જી) કલમ-૨૫ અથવા કલમ-૨૬ હેઠળ કોઈ સંમતિ મેળવવાના હેતુસારૂ, જાણીબુઝીને અથવા ઈરાદાપૂર્વક કોઈ મહત્ત્વની બાબતોમાં ખોટું હોય તેવું નિવેદન કરે,

-તે દસ હજાર રૂપિયા કરતાં ઓછા નહીં તેવા પણ પંદર લાખ રૂપિયા સુધીના દંડને પાત્ર થશે.

(૨) આવું ઉલ્લંઘન ચાલુ રહે, તે દરમિયાનના દરેક દિવસ માટે વધારાના દસ હજાર રૂપિયાના દંડને પાત્ર થશે.

**કલમ-૪૩. કલમ-૨૪ની જોગવાઈઓના ઉલ્લંઘન બદલ શિક્ષા** :

દસ હજાર રૂપિયાથી ઓછા નહીં તેવા પણ પંદર લાખ રૂપિયા સુધીના દંડને પાત્ર થશે.

આવું ઉલ્લંઘન ચાલુ રહે, તે દરમિયાનના દરેક દિવસ માટે વધારાના દસ હજાર રૂપિયાના દંડને પાત્ર થશે.

**કલમ-૪૪. કલમ-૨૫ અથવા કલમ-૨૬ના ઉલ્લંઘન બદલ શિક્ષા :**

દસ હજાર રૂપિયા કરતાં ઓછા નહીં તેટલા પણ પંદર લાખ રૂપિયા સુધીના દંડને પાત્ર થશે.

**કલમ-૪૫-એ. આ કાયદાની અમુક જોગવાઈઓના ઉલ્લંઘન બદલ શિક્ષા:**

-દસ હજાર રૂપિયા કરતાં ઓછા ન હોય તેવા પણ પંદર લાખ રૂપિયા સુધીના દંડને પાત્ર થશે

-અને જો આવું ઉલ્લંઘન ચાલુ રહે તે દરમિયાનના દરેક દિવસ માટે વધારાના દસ હજાર રૂપિયા સુધીના દંડને પાત્ર થશે.

**<u>હવા પ્રદૂષણ(પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, 1981</u>**

- **કેન્દ્રીય બોર્ડના કાર્યો :**

(૧) આ અધિનિયમની જોગવાઈઓને અપીન રહીને અને પાણી (પ્રદષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૭૪ (૧૯૭૪નો ૬ઠો) હેઠળનાં તેનાં કાર્યો બજાવવાને બાધ આવ્યા વિના, કેન્દ્રીય બોર્ડના મુખ્ય કાર્યો એ રહેશે કે હવાની ગુણવત્તા સુધારવી અને દેશમાં હવા પ્રદૂષણનું નિવારણ અને નિયંત્રણ કરવું અથવા તે ઓછું કરવું.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી કાર્યોની વ્યાપકતાને બાધ આવ્યા વિના, કેન્દ્રીય બોર્ડ-

(એ) હવાની ગુણવત્તા સુધારવા અને હવા પ્રદૂષણનું નિવારણ અથવા નિયંત્રણ કરવા અથવા તે ઓછું કરવાને લગતી કોઈ બાબત અંગે કેન્દ્ર સરકારને સલાહ આપી શકશે;

(બી) હવા પ્રદૂષણના નિવારણ, નિયંત્રણ અથવા તે ઓછું કરવા માટે આયોજન કરી શકશે અને રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમનો અમલ કરાવી શકશે;

(સી) રાજ્ય બોર્ડોની પ્રવૃતિઓનું સંકલન કરી શકશે અને તેમની વચ્ચેના વિવાદોનો નિર્ણય કરી શકશે;

(ડી) રાજ્ય બોર્ડોને ટેકનિકલ સહાય અને માર્ગદર્શન પૂરાં પાડી શકશે, હવા પ્રદૂષણની સમસ્યા અને હવા પ્રદૂષણના નિવારણ, નિયંત્રણ અથવા તે ઓછું કરવાને લગતાં અન્વેષણ અને સંશોધન કરી શકશે અને તેને પુરસ્કૃત કરી શકશે;

(ડીડી) કલમ-૧૮ની પેટા-કલમ(૨) હેઠળ કરવામાં આવેલ હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા કોઈ રાજ્ય બોર્ડના કાર્યો બજાવી શકશે;

(ઈ) હવા પ્રદૂષણના નિવારણ, નિયંત્રણ અથવા તે ઓછું કરવા માટેના કાર્યક્રમમાં રોકેલી અથવા રોકાનારી વ્યક્તિઓની તાલીમ માટે કેન્દ્રીય બોર્ડ નિર્દિષ્ટ કરે તેવી બોલીઓ અને શરતોએ આયોજન અને વ્યવસ્થા કરી શકશે;

(એફ) હવા પ્રદૂષણના નિવારણ, નિયંત્રણ અથવા તે ઓછું કરવા સંબંધી વ્યાપક કાર્યક્રમોનું જનસંપર્કના માધ્યમ દ્વારા આયોજન કરી શકશે;

(જી) હવા પ્રદૂષણને ટેકનિકલ અને આંકડાકીય માહિતી અને તેના અસરકારક નિવારણ, નિયંત્રણ અથવા તે ઓછું કરવા માટે વિચારેલા ઉપાયો એકત્ર કરી શકશે, તેનું સંકલન કરી શકશે અને તે પ્રસિદ્ધ કરી શકશે અને હવા પ્રદૂષણના નિવારણ, નિયંત્રણ અથવા તે ઓછું કરવાને લગતાં નિયમસંગ્રહો, સંહિતા અથવા માર્ગદર્શિકા તૈયાર કરી શકશે;

(એચ) હવાની ગુણવત્તા માટેનું ધોરણ ઠરાવી શકશે;

(આઈ) હવા પ્રદૂષણને લગતી બાબતોના સંબંધમાં માહિતી એકત્ર કરી શકશે અને તેનો પ્રચાર કરી શકશે;

(જે) ઠરાવવામાં આવે તેવાં બીજાં કાર્યો બજાવી શકશે.

(૩) કેન્દ્રીય બોર્ડ, આ કલમ હેઠળ પોતાનાં કાર્યો કાર્યક્ષમતાથી બજાવી શકે તે માટે કેન્દ્રીય બોર્ડ, પ્રયોગશાળા અથવા પ્રયોગશાળાઓ સ્થાપી શકશે અથવા માન્ય કરી શકશે.

(૪) કેન્દ્રી બોર્ડ —

(એ) આ અધિનિયમ હેઠળ પોતાનાં કાર્યો પૈકી કોઈ કાર્ય પોતે નીમેલી સમિતિઓ પૈકી કોઈ સમિતિને સામાન્યતઃ અથવા ખાસ રીતે સોંપી શકશે.

(બી) પોતાનાં કાર્યો યોગ્ય રીતે અદા કરવા માટે અને સામાન્ય રીતે આ અપિનિયમના હેતુઓ સિદ્ધ કરવા માટે પોતાને જરૂરી લાગે તેવી બીજી બાબતો કરી શકશે અને તેવાં બીજાં કાર્યો બજાવી શકશે.

**રાજ્ય બોર્ડનાં કાર્યો :**

(એ) હવા પ્રદૂષણના નિવારણ, નિયંત્રણ અથવા તે ઓછું કરવા માટેનાં વ્યાપક કાર્યક્રમનું આયોજન કરવું અને તેનાં અમલની ખાતરી કરવી;

(બી) હવા પ્રદૂષણના નિવારણ, નિયંત્રણ અને તે ઓછું કરવા સંબંધી કોઈપણ બાબત અંગે રાજય સરકારને સલાહ આપવી;

(સી) હવા પ્રદૂષણને લગતી માહિતી એકત્ર કરવી અને તેનો પ્રચાર કરવો:

(ડી) હવા પ્રદૂષણના નિવારણ, નિયંત્રણ અથવા તે ઓછું કરવાને લગતાં કાર્યક્રમોમાં રોકાયેલી અથવા રોકાનારી વ્યક્તિઓની તાલીમનું આયોજન કરવામાં કેન્દ્રીય બોર્ડ સાથે સહયોગ કરવો અને તેને લગતાં જનસંપર્ક શિક્ષણ કાર્યક્રમનું આયોજન કરવું;

(ઇ) કોઈ નિયંત્રક સાધન, ઔદ્યોગિક પ્લાન્ટ અથવા ઉત્પાદન પ્રક્રિયાની તમામ વાજબી સમયે તપાસણી કરવી અને હવા પ્રદૂષણના નિવારણ, નિયંત્રણ અથવા તે ઓછું કરવા માટેના પગલાં લઈને પોતાને જરૂરી લાગે તેવા આદેશો તેવી વ્યક્તિઓને હુકમ કરીને આપવા;

(એફ) પોતાને જરૂરી લાગે તેવા ગાળાઓએ હવા પ્રદૂષણ નિયંત્રણ વિસ્તારોનું નિરીક્ષણ કરવું, તેમાંની હવાની ગુણવત્તા આકારવી અને એવા વિસ્તારોમાં હવા પ્રદૂષણનું નિવારણ, નિયંત્રણ કરવા અથવા તે ઓછું કરવા માટેનાં પગલાં લેવાં;

(જી) કેન્દ્રીય બોર્ડ સાથે વિચાર-વિનિમય કરીને અને કેન્દ્રીય બોર્ડે હવાની ગુણવત્તા માટે કરાવેલાં ધોરણોને ધ્યાનમાં લઈને ઔદ્યોગિક પ્લાન્ટો અને ઓટોમોબાઈલ્સમાંથી વાતાવરણમાં હવા પ્રદૂષકોના ઉત્સર્જન માટે અથવા વહાણ કે વિમાન ન હોય તેવા ગમે તે પ્રકારના અન્ય કોઈ સાધનમાંથી વાતાવરણમાં કોઈ હવા પ્રદૂષકો છોડવા માટેનાં ધોરણો ઠરાવવા : પરંતુ એવા ઔદ્યોગિક પ્લાન્ટમાંથી વાતાવરણમાં હવા પ્રદૂષકોના ઉત્સર્જનની ગુણવત્તા અને મિશ્રણને અનુલક્ષીને જુદા જુદા ઔદ્યોગિક પ્લાન્ટો માટે, આ ખંડ હેઠળ, ઉત્સર્જન માટે જુદાં જુદાં ધોરણો ઠરાવી શકાશે;

(એચ) જેનાથી હવા પ્રદૂષણ થવાનો સંભવ હોય તેવો કોઈ ઉદ્યોગ ચલાવવા માટે કોઈ જગ્યા અથવા સ્થાનની અનુકૂળતા સંબંધી રાજ્ય સરકારને સલાહ આપવી;

(આઈ) કેન્દ્રીય બોર્ડ અથવા રાજ્ય સરકાર તરફથી ઠરાવવામાં આવે અથવા વખતોવખત સોંપવામાં આવે તેવાં બીજા કાર્યો બજાવવાં.

(જે) પોતાના કાર્યો યોગ્ય રીતે બજાવવા અને સામાન્યતઃ આ અધિનિયમના હેતુઓ સિદ્ધ કરવા માટે પોતે જરૂરી ગણે તેવી બીજી બાબતો કરવી અને તેવા બીજા કાર્યો બજાવવાં.

(૨) રાજય બોર્ડ, આ કલમ હેઠળ પોતાનાં કાર્યો કાર્યક્ષમતાથી બજાવી શકે તે માટે પ્રયોગશાળા અથવા પ્રયોગશાળાઓ સ્થાપી શકશે અથવા માન્ય કરી શકશે.

**હવાનું પ્રદૂષણ અટકાવવા અને તેનું નિયંત્રણ કરવા માટેની જોગવાઈઓ**

[1] પ્રાસ્તાવિક

[2] હવા પ્રદૂષણ નિયંત્રિત વિસ્તાર જાહેર કરવો (ક. 19)

[3] સ્વયંસંચાલિત વાહનોમાંથી નીકળતા ધુમાડા અંગે સૂચના આપવાની સત્તા (5. 20)

[4] ઔદ્યોગિક પ્લાન્ટના ઉપયોગ પર નિયંત્રણ લાદવાની સત્તા (ક. 21)

[5] હવાને પ્રદૂષિત કરતી વ્યક્તિને તેમ કરતાં અટકાવવાની સત્તા (5. 22)

[6] હવાને પ્રદૂષિત કરતી વ્યક્તિ સામે અદાલતમાં અરજી કરવાની બોર્ડની સત્તા (8. 22-2)

[7] મંડળને અને અન્ય એજન્સીને માહિતી આપવા બાબત (ક. 23)

[8] પ્રવેશ કરવાની અને તપાસ કરવાની સત્તા (ક. 24)

[9] માહિતી મેળવવાની સત્તા (ક. 25)

[10] હવા અથવા બહાર નીકળતા ધુમાડાના નમૂના લેવાની સત્તા અને તે માટે અનુસરવાની કાર્યપદ્ધતિ (ક. 26)

[11] કલમ 26 અન્વયે લીધેલ નમૂનાનું પૃથક્કરણ અને પૃથક્કારનો અહેવાલ (अलम 27, 30)

[12] રાજ્ય વાયુ પ્રયોગશાળા (ક. 28)

[13] પૃથક્કાર (ક. 29)

[14] અપીલો (ક. 31)

[15] આદેશો આપવાની સત્તા (ક. 31-એ)

### શિક્ષા અને કાર્યરીતિ

**કલમ-૩૭. કલમ-૨૨ની જોગવાઈઓનું અથવા કલમ-૩૧(એ) હેઠળ આપવામાં આવેલ આદેશોનું પાલન કરવામાં ચૂક કરવી :**

(૧) દસ હજાર રૂપિયા કરતાં, ઓછા નહીં પણ પંદર લાખ રૂપિયા સુધીના દંડને પાત્ર થશે.

(૨) આવું ઉલ્લંઘન ચાલુ રહે તે દરમિયાનના પ્રત્યેક દિવસ માટે વધારાના દસ હજાર રૂપિયાના દંડને પાત્ર થશે.

**કલમ-૩૮. અમુક કાર્યો માટે દંડ** :

(૧) જે કોઈ વ્યક્તિ

(એ) જમીન ઉપર લગાડેલા કોઈ થાંભલા, સ્થંભ અથવા ખૂંટાને અથવા બોર્ડે અથવા બોર્ડના અધિકાર હેઠળ મૂકેલી, લખેલી અથવા રાખેલ કોઈ નોટિસ અથવા બીજી બાબતનો નાશ કરે, તેને તોડી પાડે, ખસેડે, તેને નુકસાન કરે અથવા વિકૃત કરે;

(બી) બોર્ડના હુકમો અથવા આદેશો હેઠળ કાર્યો કરતી કોઈ વ્યક્તિને, અધિનિયમ હેઠળ તેની સત્તાઓ વાપરવામાં અને તેના કાર્યો બજાવવામાં હરકત કરે;

(સી) બોર્ડના કોઈ કાર્યો અથવા મિલકતને નુકસાન કરે;

(ડી) બોર્ડને અથવા બોર્ડનાં કોઈ અધિકારી અથવા અન્ય કર્મચારીને આ અધિનિયમના હેતુઓ માટે, બોર્ડે અથવા એવા અધિકારીએ કે અન્ય કર્મચારીએ માંગેલી કોઈ માહિતી આપવાનું

(ઈ) કલમ-૨૩ની પેટા-કલમ(૧) હેઠળ ફરમાવ્યા પ્રમાણે રાજય બોર્ડને અને અન્ય ઠરાવેલા સત્તાધિકારીઓને અથવા એજન્સીઓને રાજ્ય બોર્ડે ઠરાવેલા ધોરણો કરતાં વધારે પ્રમાણમાં વાતાવરણમાં હવા પ્રદૂષકોનું ઉત્સર્જન થયાની અથવા એવા બનાવની દહેશત હોવાની જાણ કરવાનું ચૂકે;

(એફ) આ અધિનિયમ હેઠળ તેણે આપવાનું જરૂરી હોય તેવી કોઈ માહિતી આપવામાં નિષ્ફળ જાય, કોઈ મહત્ત્વની બાબતોનું ખોટું હોય તેવું નિવેદન કરે;

તે દસ હજાર રૂપિયા કરતાં ઓછા ન હોય તેવા પણ પંદર લાખ રૂપિયા સુધીના દંડને પાત્ર થશે.

(૨) આવું ઉલ્લંઘન ચાલુ રહે, તે દરમિયાનના દરેક દિવસ માટે વધારાના દસ હજાર રૂપિયાના દંડની શિક્ષાને પાત્ર થશે.

## ભારતીય વન ધારો, 1927(જંગલ ધારો, 1927)

કલમ:-2 વ્યાખ્યાઓ:-

(1) પ્રાણી (Casttle) (ઢોર-ઢાંખર) :

પ્રાણી(ઢોર)માં હાથી, ઊંટ, ભેંસ, ઘોડા, ઘોડી, ખસી કરેલ ઘોડો, ટટ્ટુ, વછેરા, વછેરી, ખચ્ચર, ગધેડા, ડુક્કર (ભૂંડ), ઘેટાં, ઘેંટી, મેંઢી, ઘેંટાના બચ્ચાં, બકરીઓ અને લવારાઓનો સમાવેશ થાય છે.

(2)વન અધિકારી (Forest Officer):

રાજ્ય સરકારે અથવા રાજ્ય સરકારે અધિકૃત કરેલા અધિકારીએ, આ કાયદાના બધા જ અથવા કોઈ પણ એક હેતુ પાર પાડવા માટે અથવા આ કાયદા નીચે કે તે નીચે બનાવેલ નિયમો મુજબ જે કરવું જરૂરી હોય તે કરવા માટે નીમેલ વ્યક્તિને વન અધિકારી કહેવામાં આવે છે.

(3)વન સંબંધિત ગુનાઓ (Forest Offence):

આ કાયદા નીચે અથવા આ કાયદા હેઠળ બનાવેલ નિયમો હેઠળ બનતા ગુનાઓને વનને સંબંધિત ગુના કહેવામાં આવે છે.

(4) વનપેદાશો (Forest Produce):

નીચેની વસ્તુઓનો વનપેદાશમાં સમાવેશ થાય છે :

(એ) ઈમારતી લાકડું, લાકડાનો કોલસો. કુચુક (કાચુ રબર), કાથો, લાકડાનું તેલ, રાળ, કુદરતી વાર્નિશ, ઝાડની છાલ, લાખ, મહુડાના ફૂલો, મહુડાના બી, કવચ, સીંદરાના પાન, તમરુના પાન, સર્પગંધા, કાચો ગુંદર, હરડે, રોશા ઘાસ. આ વસ્તુઓ વનમાંથી મેળવવામાં આવી હોય અથવા લાવવામાં આવી હોય કે નહીં, તો પણ વનપેદાશ કહેવાય છે.

(બી) જ્યારે નીચેની વસ્તુઓ વનમાંથી મેળવવામાં આવી હોય અથવા લાવવામાં આવી હોય તો જ વનપેદાશ કહેવાય છે.

(1) ઝાડ અને પાંદડાંઓ, ફળો અને ફૂલો અને અહીં આગળ ન જણાવેલ હોય એવા ઝાડના કોઈ ભાગો અથવા ઝાડની પેદાશો;

(2) ઝાડ ન હોય તેવા કોઈ પણ છોડો (ઘાસ, વેલીઓ, બરૂ અને લીલ સહિતના) તેમજ તેમના કોઈ ભાગો કે તેમની પેદાશો;

(3) જંગલી પ્રાણીઓ અને તેમના ચામડાં, દંતશૂળ (હાથીદાંત), શીંગડા, હાડકાં, રેશમ, રેશમના કીડાનો કોશેટો, મધ, મીણ અને પ્રાણીના શરીરના બીજા ભાગો અથવા તેની પેદાશો;

(4) પીટ (ભેજવાળી જમીનમાં વનસ્પતિ કોહવાઈને સખત બનેલું ઉપલું પડ), સપાટી ઉપરની માટી, ખડક અને (ચૂનાના પથ્થર, છારૂ, ખનિજ તેલ અને ખાણની તથા પથ્થરની ખાણની તમામ પેદાશ સહિત) ખનિજ પદાર્થો.

(9) ઇમારતી લાકડું (Timber) :

ઇમારતી લાકડામાં પડી ગયેલા અથવા પાડી નાંખવામાં આવેલ ઝાડો અને કોઈ પણ કારણ માટે અથવા કારણ વગર કાપી નાંખેલાં, કોતરકામ કરેલા કે કોરી કાઢેલાં હોય કે નહીં તેવા તમામ લાકડાનો સમાવેશ થાય છે.

## અનામત વન

**[1] રાજ્ય સરકારની અનામત વન જાહેર કરવાની સત્તા (ક. 3)**

કોઈ પણ વન વિસ્તાર કે પડતર (ખરાબાની) જમીનને અનામત વન તરીકે જાહેર કરવાની સત્તા રાજ્ય સરકારને છે. રાજ્ય સરકારની મિલકત હોય તેવી કે રાજ્ય સરકારને જે મિલકત ઉપર માલિકી હોય તેવી અથવા જેની બધી જ અથવા થોડી પણ વનપેદાશ ઉપર રાજ્ય સરકારનો અધિકાર હોય, તેવી વનભૂમિ કે પડતર (ખરાબાની) જમીનને રાજ્ય સરકાર સરકારી ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને અનામત વન તરીકે જાહેર કરી શકે છે. રાજ્ય સરકાર આ અધિકાર નીચે ફક્ત વનભૂમિ કે ખરાબાની (પડતર) જમીનને જ અનામત વન જાહેર કરી શકે છે, બીજી કોઈ જમીનને નહિ.

**[2]જાહેરનામામાં જણાવવી પડતી બાબતો (ક.4):-**

1) સંબંધિત વન વિસ્તારને અનામત વન (આરક્ષિત વન) જાહેર કરવાનો પોતાની નિર્ણય:

(2) સંબંધિત જમીનનો આકાર, કદ, હદ દર્શાવનું શક્ય તેટલું ચોક્કસ વર્ણન:

- આવું  વર્ણન રસ્તા, નદી અથવા ડુંગરની ધાર અને બીજી જાણીતી કે સહજ સમજાય તેવી સીમા જણાવી કરવું જોઈએ.

(3) સંબંધિત જમીન પર કોઈ વ્યક્તિના જો કોઈ અધિકાર એય તો તે અને તે જમીનની કોઈ વનપેદાશ ઉપર કોઈનો કોઈ અધિકાર કે ભાગ હોય, તો તેની તપાસ કરી એવા અધિકાર કે ભાગનો નિકાલ કરવા માટે એક અધિકારી - વન વ્યવસ્થા અધિકારી (Forest Settlement Officer) ની નિમણૂક વિશે જણાવવું જોઈએ

**[3] વન વ્યવસ્થા અધિકારી દ્વારા જાહેરાત (ક. 6)**

રાજ્ય સરકારે સરકારી ગેઝેટમાં જાહેરનામું પ્રગટ કર્યા બાદ વન વ્યવસ્થા અધિકારીએ સૂચિત વનની હદ અને વિસ્તારનું શક્ય તેટલું ચોક્કસ વર્ણન અને તે વિસ્તારને અનામત વન જાહેર કરતાં, તેને કારણે લોકોના અધિકારો ઉપર થનાર અસરો વિશે તેમજ જો કોઈ વ્યક્તિને એ સૂચિત અનામત વનમાં જણાવેલ કોઈ વિસ્તાર પર કોઈ અધિકાર હોય કે તેની વનપેદાશ માટે કોઈ અધિકાર કે ભાગ હોય તેના વિશે તેને લેખિતમાં યા રૂબરૂ મળીને મૌખિક કે લેખિત રીતે પોતાના અધિકારના સ્વરૂપ, પ્રકાર અને તેની વિગતો તેમજ તે માટે તેને મળવાપાત્ર વળતર વિશે જાણ કરવાની નિશ્ચિત સમયમર્યાદા (જે ઓછામાં ઓછી જાહેરાત પ્રગટ કરાયા પછી 3 માસની હોવી જરૂરી છે.) જણાવતી જાહેરખબર એ સૂચિત અનામત વનની આસપાસના ગામોમાં પ્રચલિત સ્થાનિક સમાચારપત્રકમાં સ્થાનિક ભાષામાં પ્રસિદ્ધ કરવી જોઈએ.

**[4] વન વ્યવસ્થા અધિકારી દ્વારા તપાસ (ક. 7)**

-વન વ્યવસ્થા અધિકારી પોતાને મળેલ તમામ અરજીઓ તેમજ રજૂઆતોની નોંધ લઈ, કોઈ એક ઉચિત સ્થળે એ અરજી તથા રજૂઆતોમાં કરેલા અધિકારની તપાસ કરશે.

-સરકારી દફ્તરોના પુરાવાને આધારે તેમજ જે વ્યક્તિને તે બાબતની જાણ હોવાનો સંભવ હોય તેની જુબાની લઈને તપાસ કરશે.

-જો કોઈ વ્યક્તિએ પોતાના અધિકાર વિશે રજૂઆત ન કરી હોય પરંતુ, સરકારી દફતરોમાં એ વિશે હોય, તો તેવી બાબતમાં જાણ મેળવવા તપાસ કરશે.

-આવી કોઈ પણ તપાસ દરમિયાન તે પોતે અથવા તેણે અધિકૃત કરેલ કોઈ પણ અધિકારી કોઈ સ્થળે પ્રવેશવાની, તે જગ્યાની માપણી કરવાની, તે સ્થળે નિશાનીઓ કરવાની તેમજ તે સ્થળનો નકશો બનાવવાની સત્તા ધરાવે છે.

**[5] ફરતી ખેતી સંબંધી હક્કદાવાઓ (ક. 10)**

[6]જમીન પર અધિકાર અંગેનો હક્કદાવો (ક. 11)

[7] ઢોર ચારવાના અને વન પેદાશ અંગેના હક્કદાવા (ક. 12)

[8] વન વ્યવસ્થા અધિકારીના હુકમ સામે અપીલ (ક. 17, 18)

- 3 માસમાં કરવી જોઈએ

[9] અનામત વન જાહેર કરતું જાહેરનામું (ક. 20)

હક્કાદાવાઓનો નિકાલ થયા પછી આખરી જાહેરનામું પ્રસિધ્ધ થશે.

[10] અનામત વનમાં મળેલા અધિકારોના હસ્તાંતર પર પ્રતિબંધ (ક. 23, 24)

[11] અનામત વન સંબંધિત વન અધિકારીની સત્તાઓ (ક. 25)

**[12] અનામત વનમાં પ્રતિબંધિત કાર્યો (ક. 26)**

(1) જો કોઈ વ્યક્તિ આ કાયદાની કલમ ૬ થી પ્રતિબંધિત થયા પછી વન ઉન્મૂલન કરે;

- જ્યારે કોઈ વ્યક્તિને કોઈ કાયદા અન્વયે જમીનની ફાળવણી કરવામાં આવેલ હોય, પરંતુ તે વ્યક્તિ. તે જમીન સાફ કરી તેમાં ખેતી ન કરે અને ત્યારબાદ જ્યારે તે જમીનનો અનામત વનમાં સમાવેશ કરી દેવામાં આવ્યેથી, ત્યાર પછી તેણે તે જમીનમાંના વૃક્ષોનું ઉન્મૂલન કરવાનું શરૂ કર્યું, તો તે વ્યક્તિ આ કલમ નીચે ગુનેગાર બને છે.

(2) અનામત વનમાં આગ લગાડે, અથવા રાજ્ય સરકારે આ માટે કરેલા નિયમો પૈકી કોઈનું ઉલ્લંઘન કરી વનને જોખમમાં મૂકે એ રીતે તેમાં અગ્નિ સળગાવે અથવા અગ્નિ સળગતો મૂકી જાય.

-અથવા કોઈ વ્યક્તિ અનામત વનમાં,

(3) વન અધિકારી આ માટે જાહેર કરે તે સિવાયની મોસમમાં અગ્નિ સળગાવે, રાખે અથવા લઈ જાય;

(4) અનઅધિકૃત રીતે પ્રવેશ કરે અથવા ઢોર ચારે કે ઢોરથી ભેલાણ કરાવે;

(5) કોઈ વૃક્ષ પાડવામાં અથવા કોઈ ઈમારતી લાકડું કાપવામાં કે તેને ખેંચી લઈ જવામાં બેદરકારી દાખવી કંઈક નુકસાન કરે;

(6) કોઈ વૃક્ષને પાડે, તેના પર ગોળ કાપા પાડે. વૃક્ષની ડાળીઓ કાપે. તેમાં કાંણા પાડે, અથવા વૃક્ષને બાળે અથવા વૃક્ષની છાલ ઉતારે કે વૃક્ષના પાંદડા તોડે કે બીજી રીતે તેને નુકસાન કરે;

(7) ખાણ ખોદીને પથ્થર કાઢે, ચૂનો પકાવે, અથવા કોલસો પાડે અથવા કોઈ વનપેદાશ ભેગી કરે અથવા તેમાં કંઈ બનાવવાની પ્રક્રિયા કરે અથવા તેને બહાર લઈ જાય:

(8) ખેતી કે બીજા કોઈ હેતુ માટે જમીન સાફ કરે કે ખોદે:

(9) રાજ્ય સરકારે આ માટે કરેલા નિયમોનું ઉલ્લંઘન કરી શિકાર કરે, ગોળી ચલાવે, માછલાં પકડે, પાણીને ઝેરી બનાવે અથવા પાંજરા કે છટકાં ગોઠવે; અથવા

(10) જે વિસ્તારમાં હાથીઓની જાળવણી અંગેનો કાયદો, 1879 અમલમાં ન હોય એવા વિસ્તારમાં એ રીતે બનાવેલા કોઈ નિયમોનું ઉલ્લંઘન કરી હાથીઓને પકડે કે મારે;

- તો તે વ્યક્તિને છ માસ સુધીની કેદની શિક્ષા અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની સજા અથવા બંને થઈ શકે છે. વળતર પણ ભરવું પડે છે.

## ગ્રામ્ય વનોની રચના (ક. 28)

કલમ 28માં ગ્રામ્ય વનોની રચના વિશે જોગવાઈ કરાયેલ છે. જે મુજબ અનામત વન બનાવાયેલી જમીન અંગેના અથવા તે જમીન ઉપરના સરકારના અધિકારો, રાજ્ય સરકાર કોઈ ગામના લોકોને સોંપી શકે છે અને જ્યારે આ રીતે સોંપણી કરવામાં આવી હોય ત્યારે તે અનામત વન ગ્રામ્ય વન કહેવાય છે.

## રક્ષિત વન (Protected Forests)

[1] રક્ષિત વનોની રચના (ક. 29)

[2] રક્ષિત વનોમાં કેટલાક કાર્યો કરવા પર પ્રતિબંધ મૂકવાની સત્તા (ક. 30)

[3] રક્ષિત વનો માટે નિયમો બનાવવાની સત્તા (ક. 32)

[4] પ્રતિબંધિત કાર્યો માટે શિક્ષા (ક. 33)

## શિક્ષા અને કાર્યરીતિ

### 1. મિલકતનો કબજો લેવો (ક. 52)

જ્યારે કોઈ વનપેદાશ સંબંધમાં વન સંબંધી ગુનો કરવામાં આવ્યો હોવાનું, વન અધિકારી કે પોલીસ અધિકારીને માનવાને કારણ હોય તો, ત્યારે તે વનસંબંધી ગુનો કરવામાં વપરાયેલાં તમામ સાધનો, હોડીઓ, ગાડા (વાહનો) કે ઢોર સહિત તે પેદાશનો કબજો લઈ શકે છે.

### 2. કબજે લીધેલ મિલકત નાશવંત હોય (ક. 58)

જ્યારે કલમ 32 હેઠળ કબજે લીધેલ મિલકત ઝડપથી અને કુદરતી રીતે બગડી જાય એવા પ્રકારની હોય તો, મેજિસ્ટ્રેટ તેવી મિલકત વેચવા માટે હુકમ કરી શકે છે. વેચાણ કરતાં આવેલી ઊપજ માટે, જો મિલકત વેચી ન હોત ને જે કાર્યવાહી કરવાની જરૂરી હોય તે કાર્યવાહી કરવા હક્કદાર છે.

### 3. કબજે કરેલી મિલકત મુક્ત કરવા બાબત (ક. 53)

આ કાયદાની કલમ 52 હેઠળ જ્યારે કોઈ વનપેદાશ સંબંધમાં વન સંબંધી ગુનો કરવામાં આવ્યો હોવાનું, વન અધિકારી કે પોલિસ અધિકારીને માનવાને કારણ હોય, તો તે વન સંબંધી ગુનો કરવામાં વપરાયેલ તમામ સાધનો, હોડીઓ, ગાડા (વાહનો) કે ઢોરનો પણ કબજો લઈ શકે છે. જ્યારે આ રીતે કલમ 52 નીચે કોઈ સાધનો, હોડીઓ ગાડા (વાહનો) કે ઢોરનો કબજો રેન્જર કરતાં ઉતરતા દરજ્જાના નહિ હોય તેવા કોઈ વન અધિકારીએ કે તેની હાથ નીચેના વન અધિકારીએ લીધો હોય તો તેઓ જો તે મિલકતનો માલિક, એ ગુનો સાંભળવાની જે મેજિસ્ટ્રેટને હકૂમત હોય તેની સમક્ષ, જો માંગવામાં આવે તો, અને જ્યારે માંગવામાં આવે ત્યારે તે મિલકત રજૂ કરવાનો મુચરકો (Bond) કરી આપે તો તે મિલકત મુક્ત કરી શકે છે.

**4. વનપેદાશ, સાધનો વગેરે ક્યારે સરકાર જપ્ત થવાને પાત્ર થાય (ક. 55)**

સરકારની મિલકત ન હોય અને જેના સંબંધમાં વન અંગેનો કોઈ ગુનો કરવામાં આવ્યો હોય તેવા તમામ ઈમારતી લાકડા અથવા વનપેદાશ અને એ વન અંગેનો ગુનો કરવા માટે વાપરેલ તમામ સાધનો, હોડીઓ, ગાડા (વાહન) અને ઢોર સરકાર જપ્ત થવાને પાત્ર થાય, વળી એ વન અંગેના ગુના માટે નક્કી કરેલી શિક્ષા પણ થાય.

**5. મિલકત સરકારમાં સ્થાપિત થવા બાબત (ક. 60)**

જ્યારે કલમ 55 કે 57 હેઠળ કોઈ મિલકત સરકારે જપ્ત કરવા માટેનો હુકમ થયો હોય અને તે હુકમ સામે અપીલ કરવા માટેની કલમ 59માં નિયત કરેલ સમયમર્યાદા પૂરી થઈ ગઈ હોય અને તેવી અપીલ ન કરવામાં આવી હોય અથવા અપીલ કરવામાં આવી હોય અને અપીલ કોર્ટે તેવી તમામ મિલકત અંગે કે તેના ભાગ અંગે આગળનો હુકમ જ બહાલ રાખ્યો હોય તો, તેવી વખતે તે તમામ મિલકત કે તેનો ભાગ તમામ બોજામાંથી મુક્ત રીતે સરકારમાં સ્થાપિત થાય છે.

**6. હુકમ સામે અપીલ:-**

-1 મહિનાની અંદર કરવી જોઈએ.

**7. વૃક્ષ તથા ઈમારતી લાકડા ઉપર બનાવટી ચિહ્ન કરવા બદલ કે બગાડવા બદલ શિક્ષા (ક. 63)**

(1) કોઈ ઈમારતી લાકડું કે ઊભું ઝાડ સરકારની કે કોઈ ચોક્કસ વ્યક્તિની મિલકત છે અથવા કોઈ ચોક્કસ વ્યક્તિ કાયદેસર રીતે તે કાપી લઈ જઈ શકે છે એવું દર્શાવવા વન અધિકારી જે ચિહ્નો વાપરતાં હોય તેવા ચિહ્નો ઈમારતી લાકડા કે ઊભા વૃક્ષ ઉપર જાણી જોઈને બનાવટી રીતે કરે; અથવા

(2) વન અધિકારીએ કે તેણે આપેલા અધિકાર રૂએ કોઈ વૃક્ષ કે ઈમારતી લાકડા ઉપર કરેલા ચિહ્નોમાં ફેરફાર કરે કે તેને બગાડી નાંખે કે તેને ભૂંસી નાંખે; અથવા

(3) આ કાયદાની જોગવાઈઓ લાગુ પડતી હોય તે વન કે પડતર જમીનની સીમા નક્કી કરવા મૂકેલા સીમાચિહ્નો ફેરવી નાંખે કે ખસેડી નાંખે કે નષ્ટ કરે કરે કે બગાડી નાંખે; તો

— તે વ્યક્તિ બે વર્ષ સુધીની કેદની સજા અથવા દંડની અથવા બંને સજાને પાત્ર થાય છે.

**[9] નિયમોના ભંગ બદલ શિક્ષા (ક. 77)**

આ કાયદા હેઠળના જે નિયમના ઉલ્લંઘન માટે આ કાયદામાં શિક્ષાની ખાસ જોગવાઈ ન કરેલ હોય. તો તેવા ઉલ્લંઘન માટે એક મહિના સુધીની કેદની શિક્ષા અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષા અથવા બંને કરી શકાય છે.

**<u>વન અધિકારીની સત્તાઓ :</u>**

(1) મિલકત કબજે લેવાની સત્તા (ક. 52)

(2) કબજે લીધેલ મિલકત મુક્ત કરવાની સત્તા (ક. 53)

(3) વોરંટ વગર પકડવાની સત્તા (ક. 64)

(4) પકડેલ વ્યક્તિને મુચરકાને આધારે છોડવાની સત્તા (ક. 65)

(5) ગુનો થતો અટકાવવાની સત્તા (ક. 66)

(6) ગુના અંગે સમાધાન કરવાની સત્તા (ક. 68)

(7) પ્રાણીઓને ડબામાં પૂરવાની સત્તા (*. 70)

(8) રાજ્ય સરકારે આપેલ સત્તાઓ (ક. 72)

**વન અધિકારીની અસમર્થતાઓ :**

(1) વન અધિકારીઓને વેપાર કરવાની મનાઈ (ક. 75)

(2) ગેરકાયદેસર કબજે લેવા બદલ શિક્ષા (ક. 62)

(3) પકડેલ વ્યક્તિને છોડવા બાબત (ક. 65)

(4) વન અંગેના ગુનામાં સમાધાન કરવા બાબત (ક. 68)

**ભારતીય વન્ય પ્રાણી(સંરક્ષણ)ધારો, 1972**

**-આ કાયદાની મુખ્ય લાક્ષણિકતાઓ: -**

(1) આ કાયદાની વન્ય પ્રાણી, પક્ષી તેમજ છોડને રક્ષણ આપવામાં આવેલ છે અને તેના ભંગ બદલ શિક્ષાની કડક જોગવાઈ કરવામાં આવેલ છે.

(2) આ કાયદાની એક વિશિષ્ટ જોગવાઈ એ છે કે આ કાયદાના ભંગ બદલ સ્વૈચ્છિક સંસ્થાઓને અદાલતમાં કાર્યવાહી કરવાની સત્તા આપવામાં આવેલ છે. આ અગાઉ સ્વૈચ્છિક સંસ્થાઓને કાયદાના ભંગ બદલ ફક્ત અહેવાલ કરવાની સત્તા હતી.

(3) વન્ય પ્રાણી અભ્યારણના 10 કિલોમીટરના વિસ્તારમાં રહેતા લોકોને રાજ્ય સરકારે પરવાનગી વગર હથિયાર રાખવાની મનાઈ કરવામાં આવેલી છે.

(4) અભ્યારણ્યોમાં છોડ કાપવાની તેમજ પક્ષી કે પ્રાણીની હત્યા કરવાની મનાઈ કરવામાં આવી છે.

(5) હાથીદાંતમાંથી બનતી વસ્તુઓના વેપાર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

(6) વન્ય પશુ-પ્રાણીઓની હેરફેરની મનાઈ કરવામાં આવી છે, તે માટે રાજ્ય સરકારની પૂર્વ પરવાનગી

જરૂરી છે.

(7) આ કાયદાનો ભંગ કરવામાં ઉપયોગમાં લેવામાં આવતાં સાધનો, વહાણો અને હથિયારો જપ્ત કરવાની સત્તા સરકારને આપવામાં આવેલ છે.

(8) આ કાયદાથી સૌપ્રથમ છોડને રક્ષણ આપવામાં આવેલ છે. આ કાયદા ઉપરાંત સરકારે પોતાની નિકાસ નીતિમાં સુધારો કરીને પક્ષીઓની નિકાસ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકેલ છે.

**-નિયામક અને અન્ય અધિકારીઓની નિમણૂક (ક. 3)**

(1) આ કાયદાના હેતુઓ માટે કેન્દ્ર સરકાર

(એ) વન્ય પ્રાણી જાળવણી નિયામક

(બી) નવા સુધારાથી રદ થયેલ છે.

(સી) જરૂરી હોય તેવા અન્ય અધિકારીઓ અને કર્મચારીઓની નિમણૂક કરી શકે.

(2) કેન્દ્ર સરકાર આપે તેવા વખતોવખત સામાન્ય કે ખાસ આદેશોને આધીન, આ કાયદા હેઠળ નિયામક તેમની સત્તાઓનો ઉપયોગ અને ફરજોનું પાલન કરશે.

(3) આ કલમ હેઠળ નિમાયેલ અધિકારી અને અન્ય કર્મચારીઓએ અધ્યક્ષને મદદ કરવાની રહેશે.

**- વન્ય પ્રાણી અધિકારી અને અન્ય અધિકારીઓની નિમણૂક (ક. 4)**

(1) આ કાયદાના હેતુઓ માટે રાજ્ય સરકાર,

(એ) મુખ્ય પ્રાણી અધિકારી,

(બી) વન્ય પ્રાણી અધિકારી,

(બીબી) માનદ્ વન્ય પ્રાણી સંરક્ષકો; અને

(સી) જરૂરી હોય તેવા અન્ય અધિકારીઓ અને કર્મચારીઓની

-નિમણૂક કરી શકે.

**-વન્ય પ્રાણી માટે રાષ્ટ્રીય મંડળની રચના (ક. 5-એ)**

(1) કેન્દ્ર સરકાર વન્ય પ્રાણી (સંરક્ષણ) સંશોધન ધારો, 2002 લાગુ થયાના ત્રણ માસની અંદર વન્ય પ્રાણી માટેના રાષ્ટ્રીય મંડળની રચના કરશે જેમાં નીચે મુજબના સભ્યો રહેશે:

(એ) વડાપ્રધાન અધ્યક્ષ તરીકે;

(બી) વનો અને વન્ય પ્રાણીનાં ખાતાંનો હવાલો સંભાળનાર મંત્રી ઉપાધ્યક્ષ તરીકે:

(સી)સંસદના ત્રણ સભ્યો પૈકી બે લોકસભામાંથી અને એક રાજ્યસભામાંથી;

(ડી) વનો અને વન્ય પ્રાણીનો હવાલો સંભાળનાર યોજના આયોગનો એક સભ્ય;

(ઇ)કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત કરાયેલ બિન-સરકારી સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરનાર પાંચ વ્યક્તિઓ;

(એફ) કેન્દ્ર સરકાર દ્વારા શ્રેષ્ઠ સંરક્ષણવિદો, સૃષ્ટિવિજ્ઞાનવિદો અને પર્યાવરણવિદોમાંથી નિયુક્ત કરવામાં આવેલ દસ વ્યક્તિઓ;

(3) કેન્દ્ર સરકારમાં વનો અને વન્ય પ્રાણીનો હવાલો સંભાળનાર મંત્રાલય અથવા વિભાગનાં ભારત સરકારના સચિવ;

(એચ) લશ્કરના મુખ્ય અધિકારી;

(આઈ) ભારત સરકારના સંરક્ષણ મંત્રાલયનો હવાલો સંભાળનાર સચિવ;

(જે) ભારત સરકારના સૂચના અને પ્રસારણ મંત્રાલયના અર્થ વિભાગનો હવાલો સંભાળનાર સચિવ;

(કે) ભારત સરકારનાં નાણાંમંત્રાલયના ખર્ચ વિભાગનો હવાલો સંભાળનાર સચિવ;

(એલ) ભારત સરકારનાં જનજાતિ કલ્યાણ મંત્રાલયનાં સચિવ;

(એમ) કેન્દ્ર સરકારમાં વનો અને વન્ય પ્રાણી વિભાગના અથવા મંત્રાલયના વન્ય ડાયરેક્ટ જનરલ;

(એન) ભારત સરકારના પર્યટન વિભાગમાં ડાયરેક્ટર જનરલ;

(ઓ) વન્ય સંશોધન અને શિક્ષા, દહેરાદૂનના ભારતીય પરિષદના ડાયરેક્ટ જનરલ;

(પી) ભારતીય વન્ય જીવ સંસ્થા, દહેરાદૂનના અધ્યક્ષ;

(કયું) ભારતના પ્રાણીશાસ્ત્ર સંબંધી સંશોધનના અધ્યક્ષ;

(આર) ભારતના વનસ્પતિશાસ્ત્ર સંબંધી સંશોધનના અધ્યક્ષ;

(એસ) ભારતીય પશુચિકિત્સા સંબંધી સંશોધન સંસ્થાના અધ્યક્ષ;

(ટી) કેન્દ્રીય પ્રાણી સંગ્રહાલય સત્તાના સભ્ય સચિવ;

(યુ) સમુદ્રશાસ્ત્ર સંબંધી રાષ્ટ્રીય સંસ્થાના અધ્યક્ષ;

(વી) કેન્દ્ર સરકાર દ્વારા ક્રમાનુસાર, દસ રાજ્યો અને દસ કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી, દરેકમાંથી એક એવા, નક્કી કરવામાં આવેલ પ્રતિનિધિઓ;

(ડબલ્યુ) વન્ય જીવ સંરક્ષણના અધ્યક્ષ કે જે રાષ્ટ્રીય મંડળના સભ્ય-સચિવ રહેશે.

**- રાષ્ટ્રીય મંડળનાં કાર્યો (કલમ 5-સી)**

(1) રાષ્ટ્રીય મંડળને યોગ્ય લાગે તેવા માપદંડો મુજબ વન્ય પ્રાણી અને વનોના સંરક્ષણ અને વિકાસને પ્રોત્સાહન આપવાની રાષ્ટ્રીય મંડળની ફરજ રહેશે.

(2) આગળની જોગવાઈઓની સામાન્યતાનો પૂર્વગ્રહ રાખ્યા સિવાય નીચે મુજબનાં પગલાંઓ લઈ શકશે;

(૨) વન્ય પ્રાણીના તેમજ વનપેદાશના સંરક્ષણને પ્રોત્સાહન આપતી અને વન્ય પ્રાણીના તેમજ વનપેદાશના ગેરકાયદેસર વેપાર તેમજ શિકારને અસરકારક રીતે અંકુશમાં લેવા માટેની નીતિઓ ઘડવી અને આ માટે રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકારને સલાહ આપવી.

(બી) રાષ્ટ્રીય ઉદ્યાનો, અભયારણ્યો અને બીજાં સંરક્ષિત ક્ષેત્રો ઊભાં કરવા, તેમની વ્યવસ્થા કરવા અને આવા વિસ્તારોમાંની પ્રવૃત્તિઓ પર નિયંત્રણો મૂકવા અંગેની ભલામણો કરવી.

(સી) વન્ય પ્રાણી અથવા તેમના કુદરતી નિવાસસ્થાન ઉપર કરવામાં આવતી વિવિધ યોજનાઓ અને પ્રવૃત્તિઓની અસરની તપાસ હાથ ધરવી અથવા કરાવવી.

(ડી) દેશમાં વન્ય પ્રાણીના સંરક્ષણ ક્ષેત્રમાં થયેલ વિકાસનું સમયે - સમયે મૂલ્યાંકન કરવું અને આ સંદર્ભમાં સુધારો લાવવા માટે ધારાધોરણો સૂચવવાં.

(5) દેશમાં વન્ય પ્રાણીની સ્થિતિના સંદર્ભમાં ઓછામાં ઓછા બે વર્ષમાં એક વાર અહેવાલ તૈયાર કરી જાહેર કરવો.

**-વન્ય પ્રાણી રાજ્ય મંડળની રચના (કલમ-6)**

(1) જેમાં નીચે પ્રમાણે સભ્યો રહેશે :

(એ) રાજ્યના મુખ્ય મંત્રી અને સંઘ પ્રદેશના કિસ્સામાં ત્યાંના મુખ્યમંત્રી અથવા વહીવટી વડા, યથાપ્રસંગ અધ્યક્ષ રહેશે:

(બી) વનો અને વન્ય પ્રાણીનો હવાલો સંભાળનાર મંત્રી ઉપાધ્યક્ષ રહેશે;

(સી) રાજ્ય વિધાનસભાના ત્રણ સભ્યો અથવા વિધાનસભાવાળા સંઘપ્રદેશના કિસ્સામાં એ સંઘક્ષેત્રની વિધાનસભાનાં બે સભ્યો:

(ડી) રાજ્ય સરકાર દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવેલ વન્યપ્રાણીના સંબંધમાં કાર્ય કરતી હોય તેવી બિન-સરકારી સંસ્થાઓમાંથી ત્રણ વ્યક્તિઓ

(ઇ) રાજ્ય સરકાર દ્વારા નિર્દિષ્ટ કરાયેલ વિશેષજ્ઞ હોય તેવા સંરક્ષણવિદ્દો, સૃષ્ટિ વિજ્ઞાનવિદ્દો અને પર્યાવરણવિદ્દોમાંથી કે જેમાં અનુસૂચિત જનજાતિના ઓછામાં ઓછા બે પ્રતિનિધિઓ હોય તેવી દસ વ્યક્તિઓ;

(એફ) વનો અને વન્ય પ્રાણીનો હવાલો સંભાળનાર યથાપ્રસંગ, રાજ્ય સરકારના અથવા સંઘપ્રદેશના સચિવ:

(જી) રાજ્ય વનવિભાગનો હવાલો સંભાળનાર અધિકારી;

(એચ) રાજ્ય સરકારના જનજાતિ કલ્યાણ વિભાગના સચિવ;

(આઈ) રાજ્ય પર્યટન વિકાસ નિગમના મેનેજિંગ ડાયરેક્ટર:

(જે) ઇન્સ્પેક્ટર જનરલથી ઊતરતા કક્ષાના નહિ હોય તેવા રાજ્ય પોલીસ વિભાગનો એક અધિકારી;

(કે) કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્તિ કરાયેલ બ્રીગેડીયરથી ઊતરતા કક્ષાના નહિ હોય તેવા સશસ્ત્ર સેનાના એક પ્રતિનિધિ:

(એલ) રાજ્યના પ્રાણીશાસ્ત્ર સંબંધી વિભાગના અધ્યક્ષ:

(એમ) રાજ્યના મત્સ્ય પાલન વિભાગના અધ્યક્ષ;

(એન) વન્ય પ્રાણી સંરક્ષણના અધ્યક્ષ દ્વારા નિર્દિષ્ટ કરાયેલ એક અધિકારી;

(ઓ) ભારતની વન્ય પ્રાણી સંસ્થા, દહેરાદૂનના એક પ્રતિનિધિ;

(પી) ભારતના વનસ્પતિશાસ્ત્ર સંબંધી સંશોધનના એક પ્રતિનિધિ:

(કયું) ભારતના પ્રાણીશાસ્ત્ર સંબંધી સંશોધનના એક પ્રતિનિધિ.

(આર) મુખ્ય પ્રાણી સંરક્ષક આ મંડળના સભ્યસચિવ રહેશે.

- **શિકાર પર પ્રતિબંધ**

1. શિકાર પર પ્રતિબંધ (ક.9)
2. કેટલાક પ્રસંગોમાં શિકારની પરવાનગી(ક. 11)
3. ખાસ હેતુઓ માટે પરવાનો (ક.12)
4. પરવાનગી, મોકૂફી અથવા નિરસન (ક.13)

**-સંરક્ષિત ક્ષેત્રો:-**

[1.]અભયારણ્યની જાહેરાત (ક. 18)

[3] અભયારણ્યોનું સંરક્ષણ (ક. 18-એ)

[4] કલેક્ટરોની નિમણૂક (ક. 18-બી)

[5] કલેક્ટર દ્વારા અધિકારોનો નિર્ણય (ક. 19)

[6] કલેક્ટરની જાહેરાત (ક. 21)

-60 દિવસની અંદર કરશે.

[7] કલેક્ટર દ્વારા તપાસ (ક. 22)

[8] કલેક્ટરી સત્તાઓ (ક. 23)

[9] અધિકારોનું સંપાદન (ક. 24)

[10] સંપાદન કાર્યવાહી (ક. 25)

[11] સંપાદનની પ્રક્રિયા સંપૂર્ણ કરવા માટેની સમયમર્યાદા (ક. 25-એ)

-2 વર્ષની મુદત છે.

[12] અભયારણ્ય તરીકે વિસ્તારની જાહેરાત (ક. 26-એ)

[13] અભયારણ્યનો પ્રવેશ પર નિયંત્રણ (ક. 27)

[14] અભયારણ્યનો નાશ કરવા કે તેમાં પરવાનગી વગર શિકાર પર પ્રતિબંધ (ક. 29)

[15] અન્ય નિયંત્રણો (ક. 30 થી 32)

[16] અભયારણ્યોનું નિયંત્રણ (ક. 33)

[17] જીવંત ઢોરને રસીકરણ (ક. 33-એ)

[18] સલાહકારી સમિતિ (ક. 33-બી)

-(1) રાજ્ય સરકાર એક સલાહકારી સમિતિની રચના કરશે જેમાં

(I) મુખ્ય વન્ય પ્રાણી અધિકારી અથવા તેમના દ્વારા નિયુક્ત વ્યક્તિ, કે જે વન્ય સંરક્ષણ અધિકારીથી ઊતરતા નહિ હોય તેવા સમિતિના અધ્યક્ષ રહેશે;

(iii) પંચાયતી રાજ સંસ્થાઓના ત્રણ પ્રતિનિધિઓ:

(iv) બિન-સરકારી સંસ્થાના બે પ્રતિનિધિઓ;

(v) વન્ય પ્રાણી સંરક્ષણના ક્ષેત્રમાં સક્રિય ભૂમિકા ભજવતી ત્રણ વ્યક્તિઓ;

(vi) ગૃહ અને પશુચિકિત્સા સંબંધી વિભાગોનો હવાલો સાંભળનાર દરેક વિભાગોમાંથી એક પ્રતિનિધિ;

(vii) જો હોય તો માનદ્ વન્ય પ્રાણી અધિકારી;

(viii) અભયારણ્યનો હવાલો સંભાળનાર અધિકારી કે જે સભ્ય-સચિવ તરીકે કાર્ય કરશે:

- નો સમાવેશ થાય છે.

[19] હથિયારો ધરાવતી ચોક્કસ વ્યક્તિઓની નોંધણી (ક. 34)

[20] અતિક્રમણ દૂર કરવાની સત્તા (ક. 34-એ)

[21] રાષ્ટ્રીય ઉદ્યાન (ક. 35)

[22] સંરક્ષિત અનામત વિસ્તારની જાહેરાત અને વ્યવસ્થા (ક. 36-એ)

[23] આરક્ષિત સમુદાય માટેની વ્યવસ્થાપક સમિતિ (ક. 36-બી)

[24] આરક્ષિત સમુદાયની જાહેરાત અને વ્યવસ્થા (ક. 36-સી)

[25] આરક્ષિત સમુદાય વ્યવસ્થાપક સમિતિ (ક. 36-ડી)

**-કેન્દ્રીય પ્રાણી સંગ્રહાલય સત્તાધિકારી અને પ્રાણી સંગ્રહાલયોને માન્યતા [ Central Zoo Authority and Recognition of Zoos]**

[1] કેન્દ્રીય સત્તાધિકારીની રચના (ક. 38-એ)

[2]અધ્યક્ષ અને સભ્યો વગેરેની નોકરીની શરતો અને હોદ્દાની મુદત (ક. 38-બી)

- સત્તાધિકારીનાં કાર્યો (ક. 38-સી)

- સત્તાધિકારીની કાર્યવાહી (ક. 38-ડી)

[3] સત્તાધિકારીને લોન અને અનુદાન અને ફંડની રચના (ક. 38-ઈ)

[4] વાર્ષિક અહેવાલ (ક. 38-એફ)

- વાર્ષિક અહેવાલ અને ઓડિટ અહેવાલ (ક. 38-જી)

[ 5] પ્રાણી સંગ્રહાલયની માન્યતા (ક. 38-એચ)

- પ્રાણી સંગ્રહાલય દ્વારા પ્રાણીઓની પ્રાપ્તિ (ક. 38-આઈ)

[6] પ્રાણી સંગ્રહાલયમાં હેરાનગતિ પર પ્રતિબંધ (ક. 38-જે)

**-વન્ય પશુ, પશુમાંથી બનતી વસ્તુઓ અને મૃગયા ચિહ્નોનો વેપાર અને વાણિજ્ય**

[1] પ્રાસ્તાવિક

[2] વન્ય પશુઓ વગેરે સરકારી મિલકત ગણાશે. (ક. 39)

[3] જાહેરાત (ક. 40)

[4] કેટલાક કેસોમાં મુક્તિ (ક. 40-એ)

[5] યાદીની તપાસ અને તૈયારી (ક. 41)

[6] પશુના હસ્તાંતરનું નિયમન (ક. 43)

[7] પરવાના સિવાય મૃગયાચિહ્ન અને પશુમાંથી બનતી વસ્તુઓના વ્યવહાર પર પ્રતિબંધ (ક. 44)

[8] અપીલ (ક. 46)

[9] દફ્તરનો નિભાવ (ક. 47)

[10] પરવાનાગ્રહિતા તરફથી પશુ વગેરેની ખરીદી (ક. 48)

[11] વન્ય પશુના પરિવહન પર નિયંત્રણ (ક. 48-એ)

- ગુનાઓનું નિવારણ અને શોધ

[1] પ્રવેશ, જડતી, ધરપકડ અને અટકાયતની સત્તા (ક. 50)

[2] શિક્ષાઓ (ક. 51)

-આ કાયદાની જોગવાઈઓનો અથવા કોઈ નિયમનો અથવા હુકમનો ભંગ કરે તો 3 વર્ષ સુધીની કેદની શિક્ષા અથવા 1 લાખ રૂપિયા સુધીના દંડ અથવા બંને કરી શકે છે.

- રાષ્ટ્રીય ઉદયાન અથવા અભયારણ્યમાં કોઈ ગુનો કરે તો 3 વર્ષથી ઓછી નહીં પરંતુ 7 વર્ષ સુધીની કેદ અથવા 25 હજારથી ઓછી નહીં એટલા રકમનો દંડ.

-પ્રકરણ 5-એની જોગવાઈઓનો ભંગ કરે કરે તો 3 વર્ષથી ઓછી નહીં પરંતુ 7 વર્ષ સુધીની કેદ અથવા 25 હજારથી ઓછી નહીં એટલા રકમનો દંડ.

-ક.38 ની જોગવાઈઓનો ભંગ કરે કરે વધુમાં વધુ 6 માસની કેદની અથવા 2 હજાર રૂપિયા સુધીના દંડ અથવા બંને સજાના પાત્ર થસે.

ફરીથી ગુનો કરે તો 1 વર્ષની સજા અને 5 હજાર સુધીના દંડને પત્ર થશે.

[3] જામીન પર મુક્ત કરતા સમયે લાગુ થતી કેટલીક શરતો (ક. 51-એ)

[4] પ્રયત્નો અને મદદગારી (ક. 52)

[5] ગેરકાયદેસર જપ્તી બદલ શિક્ષા (ક. 53)

- 6 માસ સુધીની કેદની શિક્ષા અથવા 500 રૂપિયા સુધીના દંડની શિક્ષા પાત્ર બનશે.

[6] ગુનાનું સમાધાન કરવાની સત્તા (ક. 54)

- જો સમાધાન થાય એમ હોય તો તે રકમ 5 લાખથી વધવી જોઈએ નહીં.

---

**Reference book: -**


1. સી. જમનાદાસની કંપની
2. કોમર્સિયલ લો પઉબલીસર્સ
3. સુપ્રિયા પબ્લિકેસન
4. પુનાહાલ લો હાઉસ.